અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ ઓગસ્ટ ૨૦૨૩, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ આઠમ

વર્ષ : ૧૫
અંક : ૨૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



### ચંદ્ર પર ભારતના ગૌરવનો સૂર્યોદય

# ચંદ્રયાન-૩ના ચંદ્ર પર ઊતરાણ સાથે ભારતે ઈતિહાસ રચ્યો

## ચંદ્ર પર બુધવારે સાંજે ૬.૦૪ વાગ્યે લેન્ડર વિક્રમે દક્ષિણ ધ્રૂવ પર લેન્ડ કરી ભારતે ઈતિહાસ રચી દીધો, તે અહીં સુધી પહોંચનાર દુનિયાનો પ્રથમ દેશ

। નવી દિલ્હી, તા.૨૩ ।

ચંદ્રયાન-૩: ભારતનું ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક ચંદ્ર પર ઉતર્યું છે. ઈસરોદ્વારા ચંદ્ર પર સફળ ઉતરાણ કરીને ભારતે ઈતિહાસ રચ્યો છે. ચંદ્ર પર સફળતા પૂર્વક ઉતરાણ કરનાર ભારત વિશ્વનો ચોથો દેશ બની ગયો છે. આ સાથે પીએમ મોદી દક્ષિણ આફ્રિકાથી આ મિશનમાં વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. પીએમએ દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા.ચંદ્ર પર આજે (બુધવાર) સાંજે ૬.૦૪ વાગ્યે લેન્ડર વિક્રમ લેન્ડ કરી ગયું. તેની સાથે જ દક્ષિણ ધ્રૂવ પર લેન્ડ કરી ભારતે ઈતિહાસ રચી દીધો. તે અહીં સુધી પહોંચનાર દુનિયાનો પ્રથમ દેશ બની ગયો છે. આ સિદ્ધીનું સમગ્ર વિશ્વ સાક્ષી બન્યું. વડાપ્રધાન મોદીએ પણ દેશ સહિત તમામ લોકોને શુભેચ્છા પાઠવી હતી.

ચંદ્રયાન-૩નું ચંદ્ર પર સફળતાપૂર્વક લેન્ડિંગ થતાં અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં ભારતીય એમ્બેસીમાં મીઠાઈનું વિતરણ કરાયું છે.ચંદ્ર પર ચંદ્રયાન-૩ના લેન્ડર વિક્રમે સોફ્ટ લેન્ડિંગ કર્યું છે. ત્યારે ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથ બેંગલુરુમાં મિશન કંટ્રોલ કોમ્પ્લેક્સ ખાતે પ્રથમ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ભારત ચંદ્ર પર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા હતા. વડાપ્રધાન મોદીએ આ ઐતિહાસિક સફળતા બદલ ઈસરો સહિત સમગ્ર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે નિષ્ફળતામાંથી જ સફળતાની ચાવી મળી હતી. અંતરિક્ષમાં આ ભારતની ઐતિહાસિક ઉપલબ્ધિ છે. તેમણે ઈસરો સહિત દેશના તમામ વૈજ્ઞાનિકોને અને આ અભિયાનમાં ફાળો આપનાર દરેક વ્યક્તિને દિલો જાનથી શુભેચ્છા પાઠવી હતી. તેમણે સમગ્ર ભારતીયોનો આભાર માન્યો હતો. ચંદ્ર પર ભારતનો સૂર્યોદય, દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર વિશ્વનો પ્રથમ દેશ બની ઈતિહાસ રચ્યો. ચંદ્રયાન-૩ની લેન્ડિંગ સાથે ચંદ્ર પર ભારતનો સૂર્યોદય થયો છે. દક્ષિણ ધ્રૂવ પર પહોંચનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. તેણે અમેરિકા, રશિયા, ચીન જેવા દેશોને પણ આ મામલે પાછળ છોડી દીધા છે. ચંદ્રયાન-૩એ તમામ તબક્કા સફળતાપૂર્વક પૂર્ણ કર્યા હતા.

ભારતે સ્પેસમાં એક નવો ઈતિહાસ રચી દીધો છે. ભારતનું ચંદ્રયાન-૩ મિશન સફળતાપૂર્વક પાર પડ્યું છે. ભારતના ચંદ્રયાન-૩ના વિક્લમ લેન્ડરે ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું છે. ભારતે ચંદ્રના સાઉથ પોલ પર લેન્ડિંગ કર્યું છે જ્યાં હજી સુધી એક પણ દેશને સફળતા મળી નથી.

ભારતે સ્પેસમાં એક નવો ઈતિહાસ રચી દીધો છે. ભારતનું ચંદ્રયાન-૩ મિશન સફળતાપૂર્વક પાર પડ્યું છે. ભારતના ચંદ્રયાન-૩ના વિક્લમ લેન્ડરે ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું છે. ભારતે ચંદ્રના સાઉથ પોલ પર લેન્ડિંગ કર્યું છે જ્યાં હજી સુધી એક પણ દેશને સફળતા મળી નથી. ચંદ્રના સાઉથ પોલ પર લેન્ડિંગ કરવાનો ભારતનો આ બીજો પ્રયાસ હતો. અગાઉ ચંદ્રયાન-૨ છેક સુધી સફળ રહ્યું હતું પરંતુ ત્યારે તે સફળતાપૂર્વક લેન્ડ થઈ શક્યું ન હતું. તેમ છતાં ઈસરોએ હાર માની નહીં અને ત્યારબાદ ચંદ્રયાન-૩ની તૈયારીઓમાં લાગી ગયું હતું. ૨૩ ઓગસ્ટ બુધવારે ભારતે ઈતિહાસ રચતાં ચંદ્રના સાઉથ પોલ પર વિક્રમ લેન્ડરનું સફળતાપૂર્વક સોફ્ટ લેન્ડિગં કરવાની એક નવો ઈતિહાસ રચી દીધો છે.

વિક્રમ લેન્ડરનું સોફ્ટ લેન્ડિંગ થયા બાદ ઈસરોના વડા એસ સોમનાથે કહ્યું હતું કે, ભારત ચંદ્ર પર પહોંચી ગયું છે. તેમણે કહ્યું હતું કે ચંદ્રયાન-૩ લેન્ડર મોડ્યુલ વિક્રમે ચંદ્ર પર સફળતાપૂર્વક સોફ્ટ લેન્ડિંગ કર્યું છે. જ્યારે ઈસરોએ ટ્વિટ કરીને ચંદ્રયાન-૩ તરફથી સંદેશ લખ્યો હતો કે, ભારત હું મારા ડેસ્ટિનેશન પર પહોંચી ગયો છું અને તમે પણ!

હાલમાં સાઉથ આફ્રિકા ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિક્રમનું સોફ્ટ લેન્ડિંગ જોયું હતું. ચંદ્રયાન-૩ની સફળતા બાદ તેમણે દેશને સંબોધીત કરતા કહ્યું હતું કે, ભારતના સ્પેસ સેક્ટરમાં આજનો દિવસ ઐતિહાસિક છે. જ્યારે આપણે આવી ઐતિહાસિક ક્ષણો જોઈએ છીએ ત્યારે આપણને ગર્વ થાય છે. આ નવા ભારતનું પ્રભાત છે. આપણે ધરતી પર સંકલ્પ કર્યો અને ચંદ્ર પર તેને સફળ બનાવ્યો. હવે ભારત ચંદ્ર પર છે.

અગાઉચંદ્રયાન - ૩ એ ઉતરાણ શરૂ કરી કર્યું હતું . ચંદ્ર પર ચંદ્રયાન-૩ મિશન સોફ્ટ લેન્ડિંગ માટે ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથ બેંગલુરુમાં મિશન કંટ્રોલ કોમ્પ્લેક્સ ખાતે પહોંચ્યા હતા.ચંદ્રયાન-૩ થોડીક જ મિનિટોમાં લેન્ડિંગની પ્રક્રિયા શરૂ કરી દેશે. તે પોતાની જાતે જ લેન્ડિંગ કરશે. ઈસરો પ્રક્રિયા પર ચાંપતી નજર રાખી રહ્યું છે. લેન્ડર દ્વારા સતત ફોટા મોકલવામાં આવી રહ્યા છે. તેના આધારે જ લેન્ડિંગનું સ્થળ નક્કી થશે. અત્યાર સુધીમાં ચંદ્રયાન ૩ ચંદ્રના ૧૨૦ ચક્કર લગાવી ચૂક્યું છે. તેણે કુલ ૧૫૫ લાખ કિ.મી.ની યાત્રા પૂર્ણ કરી છે. ઈસરોએ જણાવ્યું હતું કે, લગભગ ૧૫૦ થી ૧૦૦ મીટરની ઉંચાઈ પર પહોંચવા પર લેન્ડર પોતાના સેન્સર અને કેમેરાનો ઉપયોગ કરીને સપાટીની તપાસ કરશે કે કોઈ સમસ્યા તો નથી ને. પછી સોફ્ટ લેન્ડિંગ કરવા માટે નીચે ઉતરવાનું શરૂ કરશે.

# ભારત દુનિયાના વિકાસનું એન્જિન બનશે : પીએમ મોદી

## પ્રધાનમંત્રીએ કહ્યું કે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ઉથલપાથલ છતાં ભારત આજે દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતી પ્રમુખ અર્થવ્યવસ્થા છે, બહુ જલદી ભારત પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બની જશે

ભારત દ્વારા કરાયેલા આર્થિક સુધારાઓ અને ટેક્નિકલ સિદ્ધિઓ પર પ્રકાશ ફેંકતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું કે ભારત આવનારા વર્ષોમાં દુનિયાના વિકાસ એન્જિન તરીકે ઊભરી આવશે. દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગમાં બ્રિક્સ બિઝનેસ ફોરમમાં બોલતા તેમણે કહ્યું કે ભારતના લોકોએ ૨૦૪૭ સુધીમાં ભારતને એક વિક્સિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લીધો છે.

આ દરમિયાન પીએમ મોદીએ બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલને તેની દસમી વર્ષગાંઠ પર શુભેચ્છા પાઠવી અને કહ્યું કે બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલે અમારા આર્થિક સહિયોગને વધારવામાં ખુબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં



ઉથલપાથલ છતાં ભારત આજે દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતી પ્રમુખ અર્થવ્યવસ્થા છે. બહુ જલદી ભારત પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બની જશે. તેમાં કોઈ શક નથી કે આવનારા વર્ષોમાં ભારત દુનિયાનું વિકાસ એન્જિન હશે અને તેનું કારણ એ છે કે ભારતે સંકટ ને મુશ્કેલીઓને આર્થિક સુધારના અવસરોમાં બદલ્યા છે.

ભારતના લોકોનો સંકલ્પ છે કે તેઓ ૨૦૪૭ સુધીમાં એક વિક્સિત રાષ્ટ્ર બનશે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં અમે સુધાર અને મિશન મોડ કર્યા છે અને આ કારકોએ ભારતમાં વેપાર કરવામાં સતત સુધાર કરવામાં મદદ કરી છે. જીએસટીની શરૂઆતના કારણે રોકાણકારોમાં આત્મવિશ્વાસ વધ્યો છે. અમે જાહેર સેવા વિતરણ અને સુશાસન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પીએમ મોદીએ કહ્યું કે બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલને તેની દસમી વર્ષગાંઠ પર ખુબ ખુભ શુભેચ્છાઓ.


છેલ્લા ૧૦ વર્ષમાં બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલે આપણા આર્થિક સહયોગને વધારવામાં ખુબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જ્યારે ૨૦૦૯માં પહેલા બ્રિક્સ શિખર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે દુનિયા ભારે નાણાકીય સંકટમાંથી બહાર આવી રહી હતી, તે સમયે બ્રિક્સ વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે આશાની કિરણ બનીને ઊભર્યું. તેમણે કહ્યું કે વર્તમાન સમયમાં કોવિડ મહામારીના તણાવ અને વિવાદો વચ્ચે દુનિયા ઈ આર્થિક પડકારો સામે લડી રહી છે. આવા સમયમાં એકવાર ફરીથી બ્રિક્સ દેશોની ભૂમિકા મહત્વપૂર્ણ છે.



## આપણે ત્યાં પહોંચ્યા, જ્યાં આજ સુધી કોઈ નથી પહોંચ્યું

ભારતના ચંદ્રયાન-૩એ પર સફળતાપૂર્વક ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કર્યું છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈજ્ઞાનિકોનો આભાર વ્યક્ત કર્યો છે અને ભવિષ્યના લક્ષ્યો માટે શુભકામનાઓ આપી છે. તેમણે કહ્યુ હતુ કે, ‘આપણે ત્યાં પહોંચ્યા છીએ કે જ્યાં આજ સુધી દુનિયાનો કોઈ દેશ નથી પહોંચ્યો. હવેથી ચાંદ સાથેના મિથક બદલાઈ જશે અને નવી પેઢી માટે કથા પણ બદલાઈ જશે.’ આવી ઐતિહાસિક ઘટનાઓ રાષ્ટ્રજીવનની ચિરંજીવ ચેતના બની જાય છે. આ પળ અવિશ્વરણીય છે, અભૂતપૂર્વ છે. આ ક્ષણ વિકસિત ભારતના શંખનાદની છે. આ ક્ષણ નવા ભારતના જયઘોષની છે. આ ક્ષણ મુશ્કેલીના મહાસાગરને પાર કરવાની છે. આ ક્ષણ જીતના ચંદ્રપથ પર ચાલવાની છે. આ ક્ષણ ૧૪૦ કરોડ ધડકનના સામર્થ્યની છે. આ ક્ષણ ભારતમાં નવી ઉર્જા, નવો વિશ્વાસ, નવી ચેતનાની છે. આ ક્ષણ ભારતના ઉદયમાન ભાગ્યના આહ્વાનની છે.







## મૂન મિશનમાં યુએસ ૧૪, રશિયા અને ચીનને ૭-૭ વખત સફળતા

ભારત આજે એક નવો ઈતિહાસ રચ્યો છે. બાહુબલી રોકેટ એલવીએમ-૩ આજે ચંદ્રયાન-૩ને લઈને રવાના થયુ. તે પોતાની સાથે ૧૪૦ કરોડ ભારતીયોની આશા પણ લઈ જશે. ચંદ્રને સ્પર્શવાની આ આશા દરેક ભારતીયોના દિલમાં ખુશી બનીને ઉભરી. મિશન સફળ થવાની આખા દેશે પ્રાર્થના કરી છે. ચંદ્રની સપાટી અને વાતાવરણનો અભ્યાસ કરવા માટેની પહેલ રશિયા દ્વારા કરવામાં આવી હતી. મહત્ત્વની વાત એ છે કે, રશિયાએ ૧૯૫૮થી અત્યાર સુધીમાં ૩૪ વખત મૂન મિશન હાથ ધર્યા છે અને તેમાંથી ૭ વખત જ તેને સફળતા પ્રાપ્ત થઈ છે. ભારત જ્યારે આઝાદ થઈને હજી તો લોકશાહીને સેટ કરી રહ્યો હતો તે સમયગાળામાં રશિયાએ અવકાશી દુનિયામાં પ્રયોગો હાથ ધરી દીધા હતા. રશિયા દ્વારા વિશ્વમાં પહેલી વખત ચંદ્રના પરિભ્રમણ માટે ૨ જાન્યુઆરી ૧૯૫૯માં આ ચંદ્રયાન લોન્ચ કરવામાં આવ્યું હતું. લુના-૧ નામનું યાન ખૂબ જ ઓછા સમયમાં ચંદ્રના ઓર્બિટમાં પહોંચ્યું હતું પણ ત્યારબાદ તે નિષ્ફળ ગયું હતું. ત્યારબાદ તેણે લુના-૨ નામનું મિશન લોન્ચ કર્યું હતું. તે ૧૯૫૯માં જ લોન્ચ કરાયું હતું.

## ચંદ્રયાન-૩નો ખર્ચ ફિલ્મ બાર્બી-આરઆરઆર કરતા પણ ઓછો

ભારતના ત્રીજા ચંદ્ર મિશન ચંદ્રયાન-૩નું લેન્ડર આજે સાંજે તેના નિર્ધારિત સમયે ૬:૦૪ વાગ્યે ચંદ્ર પર ઉતરશે. ચંદ્રયાન-૩ના લેન્ડરને સોફ્ટ લેન્ડિંગમાં ૧૫થી ૧૭ મિનિટ લાગશે. આ સમયગાળો ’૧૫ મિનિટ ઓફ ટેરર’ કહેવાય છે. જો ચંદ્રયાન-૩ મિશન સફળ થશે તો ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડર લેન્ડ કરનાર પ્રથમ દેશ બની જશે. ચંદ્ર પરના આટલા મોટા મિશનનો ખર્ચ પણ ઘણો વધારે છે. પરંતુ શું તમે જાણો છો કે ઈસરોના આ મિશનની કિંમત બાર્બી, આરઆરઆર, અવતાર અને ઓપેનહાઈમર જેવી ફિલ્મો કરતા પણ ઓછી છે. ચંદ્રયાન-૩ મિશનને પૂર્ણ કરવા માટે ૭૦૦ કરોડ રૂપિયાથી ઓછો ખર્ચ થયો છે. આ રકમ તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ઓપેનહાઈમરના બજેટ કરતા ઓછી છે. ફિલ્મ ઓપેનહાઈમર બનાવવાનો ખર્ચ લગભગ ૮૩૦ કરોડ રૂપિયા હતો. આ ઉપરાંત ફિલ્મ બાર્બી ૧૨૦૦ કરોડ રૂપિયામાં બની હતી, જે ચંદ્રયાન ૩ની કિંમત કરતા લગભગ બમણી હતી. ચંદ્રયાન-૩ મિશન પરના ખર્ચની વાત કરીએ તો ઈસરોએ પ્રારંભિક ખર્ચ ૬૦૦ કરોડ રૂપિયાનો અંદાજ મૂક્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## અમદાવાદના કેતન શાહની મેક્સિકોમાં લૂંટના ઈરાદે હત્યા

। મેક્સિકો, તા.૨૩ ।

છેલ્લા કેટલાક દિવસોમાં વિદેશમાં રહેતા ગુજરાતીઓની હત્યાના સમાચાર સામે આવી રહ્યા છે ત્યારે વધુ એક મૂળ અમદાવાદના ગુજરાતીની મેક્સિકોમાં હત્યા કરી દેવામાં આવી છે. આ હત્યા લૂંટના ઈરાદે કરી હોવાની માહિતી મળી રહી છે. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ મેક્સિકોમાં રહેતા મૂળ અમદાવાદના કેતન શાહ કે જેઓ ટોરેન્ટ ફાર્મા કંપનીમાં નોકરી કરતા હતા. તેઓ ગત શનિવારે ૧૦ હજાર ડોલરની કરન્સી એક્સચેન્જ કરવવા અર્થે મેક્સિકો સિટીના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગયા હતા, ત્યાથી તેઓ પિતાની સાથે પરત ફરી રહ્યા હતા તે દરમિયાન બાઈક પર સવારબે શખ્સોએ તેમની કાર પર ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં કેતન શાહનું ગોળી વાગવાથી ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. સ્થાનિક સુત્રોમાંથી મળતા અહેવાલ અનુસાર બાઈક સવાર બે યુવક ગાળીબાર કરીને લૂંટને અંજામ આપ્યો હતો. આ ઘટના અંગે ભારતીય દૂતાવાસે પણ ટ્વિટ કરીને વાતની પુષ્ટિ કરી હતી. આ ઘટના અંગે સ્થાનિક પોલીસ હાલ વધુ તપાસ હાથ ધરી હતી.

## ગુજરાતમાં વધુ એક ઠગે કલેક્ટરનું ફેક ID બનાવી પૈસા પડાવ્યા

। બનાસકાંઠા,તા.૨૩ ।

રાજ્યમાં દિવસેને દિવસે સાયબર ક્રાઈમના બનાવો વધતા જઈ રહ્યા છે તે વચ્ચે જ બનાસકાંઠા જિલ્લામાં અચરજ પમાડે તેવો સાયબર ક્રાઈમનો બનાવ સામે આવ્યો છે. હરિયાણાના એક શાતિર ઠગે બનાસકાંઠા જિલ્લા કલેકટરનું જ એક instagram ફેક આઈડી બનાવી દીધું અને આ આઈડી પરથી લોકો પાસે પૈસાની માંગણી કરી અને કેટલાક લોકોને નોકરી અપાવવાના બહાના આપી પૈસા પડાવ્યા. તો અનેક યુવતીઓ જોડે ચેટ દ્વારા ફ્લટ કર્યું. જોકે આ મામલો કલેકટરને ધ્યાને આવતા આખરે આ સાતીર ઠગના કાવતરાનો ભાંડો ફૂટી ગયો અને બનાસકાંઠા એલસીબી પોલીસે તેને દબોચી તેની સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લામાં ખુદ જિલ્લા કલેકટરનું જ ફેક આઈડી બનાવી લોકો પાસેથી પૈસા ઉઘરાવવાનો મામલો સામે આવ્યો છે.



ચંદ્રયાન-૩ના ટેલિકાસ્ટ જોવા માટે રાહદારીઓ માટે એએમસી દ્વારા જાહેર એલઈડી લગાવવામાં આવ્યા હતા.

# યુનિવર્સટી રોડ પર કાર ચાલકે એક્ટિવાને લીધી અડફેટે

। રાજકોટ, તા.૨૩ ।

રાજકોટમાં નબીરાઓનો આતંક અવિરત યથાવત છે. યુનિવર્સિટી રોડ પર પૂરપાટ ઝડપે એક્ટિવા ચાલકને કાર ચાલક નબીરાએ અડફેટે લીધો હતો. જેથી એક્ટિવા ૨૦ ફૂટ દૂર સુધી ફંગોળાઈ ગઈ હતી અને ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. કાર ચાલકની સ્પીડ ૧૦૦ થી વધુ હોય અને રેસ મારતા હોવાનું સ્થાનિકોમાં ચર્ચા છે. જો કે બાદમાં સ્થાનિક લોકોએ નબીરાઓને ઝડપી પાડ્યા હતા. જોકે આ રીતે પુરપાટ વાહનો હંકારતા નબીરાઓ પર બ્રેક લાગવી જરૂરી છે. ગઈકાલે શહેરના કેકેવી હોલ નજીક દારુ પી કાર ચાલકે અન્ય કારને ટક્કર મારી હતી. રાજકોટના KKV હોલ પાસે એક શખ્સે દારૂ પીધેલી હાલતમાં આગળ જતી કારને ટક્કર મારી હતી. કારને ટક્કર મારનાર શખ્સ દારુના નશામાં હોય તેવો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વાયરલ વીડિયોમાં શખ્સે દારૂ પીધો હોવાની વાતનો સ્વીકાર કર્યો છે. પોલીસે વાયરલ વિડિયોના આધારે અકસ્માત સર્જનાર શખ્સની શોધખોળ શરૂ કરી છે. આ પહેલા રાજકોટના રૈયા ટેલિફોન એક્સચેન્જ નજીક સોમનાથ સોસાયટીમાં બેફામ કાર ચાલકનો આતંક જોવા મળ્યો હતો. સોમનાથ સોસાયટીમાં નબીરાએ ત્રણ બાઈક અને એક શાકભાજીની લારીને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં લારી ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. ઈજાગ્રસ્તને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ અકસ્માતથી સ્થાનિકોમાં રોષનો માહોલ ફેલાયો હતો. અકસ્માત સમયે કેવલ નામનો વ્યક્તિ કાર ચલાવતો હોવાનું જાણવા મળ્યું છે અને કારનો માલિક રાજુ નામનો વ્યક્તિ છે. હાલ તો બેફામ કાર ચાલકની પોલીસે અટકાયત કરી છે. આ મામલે રાજકોટના એસીપી ભાર્ગવ પંડ્યાનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે, ૨ લોકો ગાડીમાં સવાર હતા, શાકભાજીના લારી ચાલકને સામાન્ય ઈજા થઈ છે.

### મહિલાએ વિદેશ જતા જે મુશ્કેલીઓ વેઠવી પડી છે

# એજન્ટની મદદથી વિદેશ જતા ઓમાનમાં ફસાઈ ભરૂચની તસ્લીમા

## નોકરીની વાત કરીને એજન્ટે તેને મોકલી હતી અને હવે તેને ઓમાનમાં ટોર્ચર કરવામાં આવી રહી છે

। ભરૂચ, તા.૨૩ ।

ગુજરાતમાં છાસવારે એજન્ટની મદદથી ગેરકાયેદસર રીતે અમેરિકા કે કેનેડા જનારા લોકોનો જીવ જોખમમાં મૂકાતો હોવાની ઘટના બનતી હોય છે ત્યારે વધુ એક કિસ્સો ભરૂચનો સામે આવ્યો છે. એજન્ટની મદદથી ભરૂચની મહિલા વિદેશ જવા નીકળી હતી તે મસ્કતમાં ફસાઈ છે. આ મહિલાને હવે પોતાને વેચી દેવામાં આવશે અને તેના પર ભારે યાતનાઓ ભોગવવામાં આવશે તે બાબતનો ડર સતાવી રહ્યો છે. મહિલાએ વિદેશ



જતા જે મુશ્કેલીઓ વેઠવી પડી છે તે બાદ પોતાને ભારત સરકાર દ્વારા બચાવી લેવામાં આવે તેવી ઈચ્છા વીડિયોમાં વ્યક્ત કરી છે. ભરૂચથી નોકરીની લાલચે વિદેશ જવા માટે નીકળેલી તસ્લીમા ઈલિયાસ પટેલ પર ભારે અત્યાચાર ગુજારવામાં આવી રહ્યા છે, તસ્લીમાને શારીરિક અને માનસિક રીતે ટોર્ચર કરવામાં આવી રહી છે.

પોતાના પર આવી પડેલા આફતના કારણે હવે મહિલાએ વીડિયો શેર કરીને આપવીતી જણાવી છે. જેમાં તસ્લીમા કહે છે કે, હું ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના નાડેરા ગામની છું, ઈન્દોરના એજન્ટ અને એક મહિલાએ મને ફસાવી દીધી છે, આ લોકો કામના બહાને લાવીને વેચવાની કોશિશ કરી રહ્યા છે.

## બોગસ સર્ટિફિકેટના આધારે પોલીસમાં ઘૂસે તે પૂર્વે જ કૌભાંડ ઝડપાયું

। રાજકોટ, તા.૨૩ ।

શહેર પોલીસમાં નકલી નિમણૂક પત્રના આધારે પ્રદીપ મકવાણા નામનો વ્યક્તિ પોલીસમાં નોકરી મેળવે તે પૂર્વે જ ઝડપાઈ ગયો હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે રીઝર્વ પીઆઈ દ્વારા ક્રાઈમ બ્રાન્ચ ખાતે જસદણના પ્રદીપ મકવાણા તેના પિતા ભરત મકવાણા, પ્રદીપ મકવાણાના માસા ભાવેશ ચાવડા અને બાલા ચાવડા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. તેમજ હાલ તમામ આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. લોકરક્ષક તરીકેનું બનાવટી નિમણૂક હુકમ મેળવવા માટે પ્રદીપ મકવાણા તેમજ ભરત મકવાણાએ ભાવેશ ચાવડા અને બાલા ચાવડાને ૪,૦૦,૦૦૦ આપ્યા હોવાના પોલીસ ફરિયાદમાં સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચ ખાતે તમામ આરોપીઓ વિરુદ્ધ ipc ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૨૦ (બી) અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. લોકરક્ષક ભરતી બોર્ડ ૨૦૨૧ દ્વારા ભરતી પ્રક્રિયા કરવામાં આવી હતી જે ભરતી પ્રક્રિયા અંતર્ગત રાજકોટ શહેર ખાતે કુલ ૩૩૨ ઉમેદવાર ફાળવવામાં આવ્યા હતા. દરમિયાન ૧૯ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ૧૨:૦૦ વાગ્યે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પ્રદીપ મકવાણા લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ૨૦૨૧ માલ લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં પોતે બિન હથિયાર લોકરક્ષક તરીકે નિમણૂક પામ્યો હોવાનો જણાવ્યું હતું.

## બાળ ગોપાલની અવનવી ડિઝાઇન બજારમાં ઉપલબ્ધ

। સુરત, તા.૨૩ ।

રક્ષાબંધન બાદ આવતા જન્માષ્ટમીના તહેવારની રોનક બજારમાં જોવા મળી રહી છે. કેટલાક લોકોએ આ તહેવારની ખરીદી પણ શરૂ કરી દીધી છે. ભગવાન શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપ કાન્હાના વિવિધ જાતના વાઘા અને પારણા હાલ બજારમાં મળી રહ્યા છે. ત્યારે કેટલાક લોકો આ તહેવારને વધુ ખાસ બનાવવા માટે કાન્હા માટે ચાંદીના પારણાની ખરીદી કરી રહ્યા છે.

સુરતમાં એક જ્વેલર્સના ત્યાં અવનવી ડિઝાઈન વાળા ચાંદીના પારણા મળી રહ્યા છે. જન્માષ્ટમીના તહેવારને ખાસ બનાવવા માટે લોકો પોતાના ઘરે રાખેલ કૃષ્ણ ભગવાનનું બાળ સ્વરૂપ કાનાનો શણગાર કરવા માટે અવનવા ડેકોરેશન અને અવનવા વાઘા ખરીદતા હોય છે. પરંતુ છેલ્લા ત્રણ, ચાર વર્ષથી લોકોમાં ચાંદીના પારણા ખરીદવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. ૩૦૦ ગ્રામથી લઈને ૫ કિલો સુધીના ચાંદીના પારણા લોકો ખરીદી રહ્યા છે અને આ પારણાની કિંમત ૩૦ હજારથી લઈને ૫ લાખ રૂપિયા સુધીની પણ હોય છે. એમાં પણ અવનવી ડિઝાઈનના ચાંદીના પારણાઓ તૈયાર કરવામાં આવે છે અને લોકો પોતાની મનપસંદ ડિઝાઈન વાળા પારણાઓ કૃષ્ણ માટે બનાવડાવે છે. હિન્દુ ધર્મમાં માન્યતા મુજબ જન્માષ્ટમીના દિવસે દરેક લોકો પોતાના ઘરમાં બિરાજેલા કૃષ્ણના જન્મોત્સવની ખૂબ ધૂમધામથી ઉજવણી કરે છે અને તેમને ખુશ રાખવાના પણ પ્રયત્ન કરે છે.

આ માન્યતાને લઈને લોકો પોતાના ઘરના કૃષ્ણ માટે ચાંદીના પારણા ખરીદે છે. ચાંદીના પારણા વેચતા જ્વેલર્સ દીપ ચોકસીએ જણાવ્યું હતું કે, લોકો ૫ લાખ રૂપિયા સુધીના પારણા બનાવવા માટેના ઓર્ડર આપે છે.

**વિશેષ લેખ**

### મિશન મુનપર સફળ થનાર અમેરિકા, સોવીયેત સંઘ અને ચીન પછી ભારત ચોથો દેશ બની ગયો


# ભારત ચન્દ્રની ધરતી પર દક્ષિણ ગોળાર્ધ પર લેન્ડ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ









આજે ભારતનું ચંદ્રયાન ૩ ૨૩ ઓગસ્ટના રોજ નિર્ધારી સમય પર સાંજે ૬:૪ મિનિટે સફળતાપૂર્વક ચંદ્રની ધરતી ઉપર દક્ષિણ ગોળાર્ધ ઉપર લેન્ડ થઈ ગયું હતું.ભારત ચન્દ્રની ધરતી પર દક્ષિણ ગોળાર્ધ પર લેન્ડ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો.વિક્રમ લેન્ડરે સંદેશ મોકલ્યો છે ચન્દ્રયાન ૩ સફળતા પૂર્વક ચન્દ્રપર સફળ ઉતરાણ થયું છે.

ભારતે આજે ઈતિહાસરચી દીધો અને નવી ચન્દ્ર ક્રાંતિસર્જીની વિશ્વના નકશામાં ભારતે પોતાનું નામ અંકિત કરી દીધું.મિશન મુન પર સફળ થનાર અમેરિકા, સોવીયેત સંઘ અને ચીન પછી ભારત ચોથો દેશ બની ગયોછે. હવે ચંદા મામાં દુરકે,કહેવતને ઈસરોખોટી પાડી છે અને બદલીને નવી કહેવત આપી છે કે અબ ચંદા મામાં ટુર કે... આજે ચંદ્રયાન-૩નું ચંદ્રની સપાટી ઉપર સફળતા પૂર્વક લેન્ડિંગથતાં સમગ્ર દેશભરમાં આનંદ અને ઉત્સાહ નું મોજું ફરી વળ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જ્હોનીશબર્ગમાંથી ઈસરોના વિજ્ઞાનિકોએ અભિનંદન આપ્યા.

ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરના ચંદ્રની ધરતીને સ્પર્શતાની સાથે જ અંતરીક્ષમાં ભારતનો ડંકો વાગ્યો છે. આખી દુનિયાની નજર આ સ્પેસ મિશન પર ટકેલી હતી. આ પહેલા માત્ર અમેરિકા, સોવિયત યુનિયન અને ચીનને જ આ સફળતા મળી હતી.

આજે સાંજે ૫.૨૦મિનિટે ચન્દ્ર યાન અવતરણનું જયારે લાઈવ ટેલીકાસ્ટ થયું ત્યારે ભારતના ૧૪૦કરોડ દેશવાસીઓ વિશ્વભરના લોકોએ આ લાઈવ ટેલિકાસ્ટ નિહાળ્યો ત્યારે ભારતમાટે અને ઈસરોના ચેરમેન એસ સોમનાથે વડાપ્રધાન મોદીને ગૌરવભેર પ્રથમ સંદેશો આપતાં જણાવ્યું કે india is on moon..

ચંદ્રયાન -૩ ના સફળ ઉતરાણ પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે હું દક્ષિણ આફ્રિકામાં હોઈ શકું છું પરંતુ મારું હૃદય હંમેશાં ચંદ્રયાન મિશન સાથે રહ્યું છે. જ્યારે ઈસરો ચીફ એસ સોમાનાથે ચંદ્રયાન-૩ મિશનની સફળતા માટે તેમની ચંદ્રયાન-૩ મિશનની સમગ્ર ટીમને અભિનંદન આપ્યાહતાં

આજે જયારે વિક્રમ લેન્ડર પ્રાઈમ લેન્ડિગ સાઈડ ઉપર ઉતરી રહ્યું હતું ત્યારે હોરીઝેન્ટલવેલોસીટી અને વર્ટિકલ વેલોસીટી,એન્ગલ અને ડિસ્ટન્સ ક્રમશ ઘટતું જતું હતું. તેમ તેમ સૌના શ્વાસ અધ્ધર થઈ રહ્યાં હતાં. છેલ્લી ૧૮મિનિટનું ઉતરાણ ખૂબ જ કપરું હોવા છતાં નિર્ધારિત પ્રોગ્રામ મુજબ સફળતા પૂર્વક નીચે ઉતરી રહ્યું હતું ત્યારે ચન્દ્રની લેટેસ્ટ તસવીરો પણ મોકલતું હતું અને છેલ્લે ૯૦ડિગ્રી પર આવી જતાં ધીમે વિક્રમ લેન્ડર નીચે આવી રહ્યું હતું નજીક આવતા ખાડા વાળી જગ્યા પરથી ખસીને સમતલ સેફ જગ્યા ઓટોમેટિક રીતે શોધતા પણઅને સફળલેન્ડ થતાં લેન્ડરને સૌએ નિહાળ્યું. જિલ્લા ૧૮ મિનિટમાં વિક્રમ બ્લેન્ડરમાં કેવા કેમેરાને કેવા સાધનો હતા અને કેવી રીતે કામ કર્યું હતું તેની વાત કરીએ બ્લેન્ડરમાં રિઝોલ્યુશન વાળા કેમેરા મુકેલા હતા. બ્લેન્ડર છેલ્લા ચાર દિવસથી સતત પરિક્રમા કરી રહ્યું હતું. આ સમયમાં ૨૧ વખત જનરલની પરિક્રમા કરી હતી. અને ૫૫ લાખ કિલોમીટર સુધીની સફળતા પૂર્વક યાત્રા પૂરી કરી હતી. નીચે ઉતરતી વખતે બે એન્જિન ફાયર થયા હતાં. હવે ભારતની સફળતા પછી રશિયા, અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાન જેવા દેશો ચંદ્ર પર પહોંચવા અને બેઝ બનાવવા માટે હરીફાઈ કરી રહ્યા છે. ચંદ્ર પરની રેસ પાછળ ચંદ્ર અર્થશાસ્ત્ર છે. ચંદ્રની રેસમાં અમેરિકા અને રશિયા પાછળ રહી ગયા છે. રશિયાના લુના-૨૫ મિશનની નિષ્ફળતા બાદ હવે ભારત ઈતિહાસ રચી દીધો છે. ૨૩ ઓગસ્ટની સાંજ ભારતના ઈતિહાસમાં ભારતનું નામ સુવર્ણ અક્ષરે લખાઈ ગયું.

હવે ભવિષ્યમાં ચંદ્ર પર લોકોને વસાવવાનું પણ આયોજન છે. ભવિષ્યમાં, યુદ્ધ, સંશોધન અને રજાઓ માટે પણ ચંદ્ર પર પાયા બનાવી શકાય છે. ચંદ્ર પર જવાની રેસમાં ભારત એવા કેટલાક દેશોમાં સામેલ થશે જે ચંદ્ર પર તે શોધો કરી શકે છે, જેનાથી આગળ જઈને ભારત ચંદ્ર પર પોતાનો આધાર બનાવવામાં સફળ થઈ શકે છે. ચંદ્રયાન-૩ની સફળતા ભારતને ચંદ્રની અર્થવ્યવસ્થા પર મૂકશે.

### શેરબજારમાં રોનક પાછી ફરી, પ્રોફિટ બુકિંગ અને ભારે વેચાણને કારણે ત્રણ દિવસમાં શેરમાં ૧૫ ટકાનો ઘટાડો થયો

# સેન્સેક્સમાં ૨૧૩, નિફ્ટીમાં ૪૭ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

## બેન્કિંગ ઉપરાંત આઈટી, મીડિયા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ,હેલ્થકેર સેક્ટરના શેરોમાં પણ તેજી જોવા મળી

। મુંબઈ, તા.૨૩ ।

ભારતીય શેરબજાર માટે બુધવારનું સત્ર શાનદાર રહ્યું છે. બેંકિંગ શેરોમાં ખરીદારીનાં કારણે બજારમાં તેજી જોવા મળી હતી. મિડ કેપ શેરોનો ઈન્ડેક્સ ફરી લાઈફટાઈમ ટોચે પહોંચ્યો હતો. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૨૧૩ પોઈન્ટના ઉછાળા સાથે ૬૫,૪૩૩ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૪૭ પોઈન્ટના વધારા સાથે ૧૯,૪૪૪ પોઈન્ટ પર બંધ રહ્યો હતો.

આજના વેપારમાં બેંકિંગ સેક્ટરમાં જબરદસ્ત તેજી જોવા મળી છે. નિફ્ટી બેંક ૪૮૫ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકાના વધારા સાથે ૪૪,૪૭૯ પોઈન્ટ પર બંધ થયો હતો. બેંકિંગ ઉપરાંત આઈટી, મીડિયા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ,હેલ્થકેર સેક્ટરના શેરોમાં પણ તેજી જોવા મળી છે. જ્યારે ઓટોફાર્મા, એફએમસીજી, મેટલ્સ, એનર્જી શેરોમાં ઘટાડો નોંધાયો હતો. મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં આજે પણ ખરીદારી જોવા મળી રહી છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ વધ્યા અને ૧૦ ઘટાડા સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦માંથી ૩૧ શેરો ઉછાળા સાથે અને ૧૯ ઘટાડા થે બંધ થયા છે.

આજના વેપારમાં બજારમાં આવેલી તેજીના કારણે રોકાણકારોની સંપત્તિમાં ઉછાળો આવ્યો છે. બીએસઈપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૩૦૮.૯૬ લાખ કરોડ રહ્યું છે, જે અગાઉના સત્રમાં રૂ. ૩૦૮.૩૫ લાખ કરોડ હતું. આજના વેપારમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૬૧૦૦૦ કરોડનો વધારો જોવા



મળ્યો છે. આજના કારોબારમાં એક્સિસ બેંક ૨.૨૪ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૧.૬૧ ટકા, એસબીઆઈ ૧.૪૪ ટકા, લાર્સન ૧.૩૫ ટકા, ટાટા સ્ટીલ ૧.૨૩ ટકા, કોટક મહિન્દ્રા ૦.૯૯ ટકાના વધારા સાથે બંધ થયા હતા. સન ફાર્મા ૧.૧૦ ટકા, ભારતી એરટેલ ૧.૦૧ ટકા, ટાટા મોટર્સ ૦.૯૪ ટકા, ટેક મહિન્દ્રા ૦.૮૪ ટકા ઘટીને બંધ થયા હતા. મુકેશ અંબાણીની જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસ (જેએફએસએલ)નો શેર બુધવારે ફરીથી ૫% ઘટ્યો હતો. આ સાથે શેરમાં લો સર્કિટ લાગી હતી. લિસ્ટિંગ પછી આ શેરમાં સતત ત્રીજા દિવસે ઘટાડો નોંધાયો છે. જેએફએસએલનો શેર બીએસઈપર મંગળવારના રૂ. ૨૩૯.૨૦ના બંધથી ૫% ઘટીને રૂ. ૨૨૭.૨૫ પર ખૂલ્યો હતો. બીજી તરફ, એનએસઈપર પણ તહ્રજીન્નો શેર ૫ ટકા ઘટીને ૨૨૪.૬૫ થયો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના તમામ ગ્રૂપ શેરોની માર્કેટ મૂડીમાં ઘટાડા માટે જેએફએસનો સૌથી મોટો ફાળો હતો. બુધવારે જીયોફાઈનાન્શિયલ સર્વિસિસનું કુલ બજાર મૂલ્ય રૂ. ૭,૪૯૬.૯ કરોડ ઘટીને રૂ. ૧.૪૩ લાખ કરોડ થયું હતું, જેના કારણે લિસ્ટિંગ પછી રોકાણકારોને રૂ. ૨૩,૦૦૦ કરોડથી વધુનું નુકસાન થયું હતું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની નાણાકીય શાખા જીયોફાઈનાન્શિયલસર્વિસ લિમિટેડએ ૨૧ ઓગસ્ટના રોજ શેરબજારમાં નિરાશાજનક પદાપણ કર્યું હતું. જેએફએસએલના શેર બીએસઈ પર શેર દીઠ રૂ. ૨૬૫ અને એનએસઈ પર રૂ. ૨૬૨ પ્રતિ શેરના ભાવે લિસ્ટ થયા હતા. પ્રોફિટ બુકિંગ અને ભારે વેચાણને કારણે ત્રણ દિવસમાં શેરમાં ૧૫ ટકાનો ઘટાડો થયો છે. ૨૧ ઓગસ્ટે લિસ્ટિંગ દરમિયાન શેર રૂ. ૨૭૮.૨૦ના સ્તરે પહોંચી ગયો હતો. તમને જણાવી દઈએ કે જુલાઈમાં ડી-મર્જર બાદ જીયોફાઈનાન્શિયલરિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝથી અલગ થઈ ગયું હતું.

**ન્યૂઝ બ્રિફ**

### કેન્દ્ર શાસિત પ્રદેશોને મનરેગાના ૬૩૬૬ કરોડ આપવાના બાકી

। નવી દિલ્હી, તા.૨૩ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આજે બુધવારે ફરી એકવાર કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. તેમણે દાવો કર્યો હતો કે બજેટમાં મનરેગા યોજનાની ફાળવણીમાં એક તૃતિયાંશ જેટલો ઘટાડો કર્યા પછી પણ મોદી સરકારે દેશના ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મનરેગા વેતનના ૬,૩૬૬ કરોડ રૂપિયા આપવાના બાકી છે. મલ્લિકાર્જુન ખડગેએ ૧૮ વર્ષ પહેલા કોંગ્રેસ દ્વારા શરૂ કરવામાં આવેલા મુખ્ય ગ્રામીણ રોજગાર ગેરંટી કાર્યક્રમ મનરેગાની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૦૫માં આ દિવસે અમારી કોંગ્રેસ-યુપીએ સરકારે કરોડો લોકોને કામ કરવાનો અધિકાર સુનિશ્ચિત કરવા માટે મનરેગા લાગુ કરી હતી. ખડગેએ સોશિયલ મીડિયા પર કહ્યું કે મોદી સરકાર દ્વારા આ વર્ષે મનરેગાના બજેટમાં ૩૩ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર પર ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મનરેગા વેતન પેટે રૂ. ૬,૩૬૬ કરોડનું દેવું છે. તેમ છતાં કોંગ્રેસ દ્વારા શરૂ કરવામાં આવેલી આ યોજના લગભગ ૧૪.૪૨ કરોડ શ્રમિકો માટે મહત્વપૂર્ણ છે.

### ગોંડામાં સરકારી નિવાસી શાળાના છાત્રાલયની ૮૯ છોકરીઓ ગુમ

। ગોંડા (ઉત્તર પ્રદેશ), તા.૨૩ ।

ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લામાં રાજ્ય સરકાર સંચાલિત નિવાસી શાળાની છાત્રાલયની ઓચિંતી તપાસ દરમિયાન ૧૦૦ રજિસ્ટર્ડ છોકરીઓમાંથી માત્ર ૧૧ જ હાજર મળી આવી હતી અને ૮૯ છોકરીઓ કથિત રીતે ગુમ થઈ હોવાનું જાણવા મળતા ખળભળાટ મચી ગયો છે. આ મામલે હોસ્ટેલના વોર્ડન સહિત ચાર વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટ નેહા શર્માએ સોમવારે મોડી રાત્રે પારસપુરમાં કસ્તુરબા ગાંધી રેસિડેન્શિયલ ગર્લ્સ સ્કૂલમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ રેસિડેન્શિયલ ગર્લ્સ સ્કૂલમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીનીઓ નોંધાયેલી છે, પરંતુ શાળામાં માત્ર ૧૧ વિદ્યાર્થિનીઓ હાજર જોવા મળી હતી. વોર્ડન સરિતા સિંહને જ્યારે ૮૯ વિદ્યાર્થિનીઓની ગેરહાજરી વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. જિલ્લા મેજિસ્ટ્રેટે બેદરકારી માટે જવાબદારોને ઠપકો આપ્યો હતો. ''આ ગંભીર બેદરકારી છે.

રહેણાંક કન્યા શાળાઓ આ રીતે ચલાવી શકાતી નથી,'' એમ જણાવતા જિલ્લા મેજિસ્ટ્રેટે એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો હતો. તેમણે છાત્રાલયમાં હાજર ૧૧ વિદ્યાર્થીનીઓ સાથે વાત કરી હતી તેમ જ શાળામાં આપવામાં આવતી સુવિધાઓનો સ્ટોક લીધો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટની સૂચના પર, શાળાના વોર્ડન, એક પૂર્ણ-સમય શિક્ષક, એક ચોકીદાર અને તૈનાત પ્રાંતીય રક્ષા દળ (પીઆરડી) જવાન વિરુદ્ધ એફઆઈઆરદાખલ કરવામાં આવી હતી.



ચંદ્રયાન-૩, ચંદ્રયાન-૧થી શરૂ થયેલી ચંદ્રની ૧૫ વર્ષની શોધને પૂર્ણ કરે છે. ચંદ્રયાન કાર્યક્રમના સમાપનમાં ભારતના નવા અવકાશ યુગની શરૂઆત છે.

## ભૂપેશ બઘેલના સલાહકારના ઘરે ઈડી દ્વારા દરોડા પડાયા

। રાયપુર, તા.૨૩ ।

છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બઘેલના સલાહકાર વિનોદ વર્માના નિવાસે ઈડીએ દરોડા પાડ્યાના અહેવાલ મળી રહ્યા છે. આ ઉપરાંત મુખ્યમંત્રી બઘેલના ઓએસડી આશીષ વર્મા અને મનીષ બંછોરના ઘરે પણ ઈડીએ દરોડાની કાર્યવાહી કરી છે. માહિતી અનુસાર છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ સાથે સંકળાયેલા લોકોને ત્યાં ઈડીએ એવા સમયે દરોડા પાડ્યા હતા જ્યારે ભુપેશ બઘેલ તેમનો જન્મદિવસ ઉજવી રહ્યા હતા. બુધવારે સવારે જ વિનોદ વર્માના રાયપુરના દેવેન્દ્ર નગરમાં આવેલા ઘરે દરોડાની કાર્યવાહી કરાઈ હતી. હજુ આ કાર્યવાહી ચાલી રહી છે. આ ઉપરાંત આશીર્ષ વર્મા અને મનીષ બંછોરને ત્યાં પણ દરોડા પડાયા હતા. ઘટનાસ્થળે જ સીઆરપીએફના જવાનોનો ખડકલો સર્જાયો હતો. બીજી બાજુ છત્તીસગઢમાં વિધાનસભાની ચૂંટણી નજીકમાં છે ત્યારે આ પ્રકારની કાર્યવાહી પર મુખ્યમંત્રી ભડક્યા હતા. તેમણે ટ્વિટ મારફતે વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સામે નિશાન તાક્યું હતું. તેમણે ટ્વિટમાં લખ્યું કે મારા જન્મદિવસના દિવસે જ આજે તમે મારા રાજકીય સલાહકાર તથા મારા ઓએસડી સહિત નજીકનાઓના ત્યાં ઈડી મોકલીને જે અમૂલ્ય ભેટ આપી છે.

### ક્રિકેટ પ્રેમીઓ માટે સારા સમાચાર

# એશિયાકપ અને વન-ડે વર્લ્ડ કપ મોબાઈલ એપ પર ફ્રી જોઈ શકાશે

## ડિઝની હોટસ્ટારે મોબાઈલ પર ફ્રી સ્ટ્રીમિંગ પર ભાર મૂક્યો, જેના માટે ડિઝની હોટસ્ટાર એપની જરૂર રહેશે

। નવી દિલ્હી, તા.૨૩ ।

ક્રિકેટ ચાહકો માટે એક સારા સમાચાર છે. લોકપ્રિય ઓટીટીપ્લેટફોર્મ ડિઝની હોટસ્ટારએ એશિયા કપ ૨૦૨૩ અને વનડે વર્લ્ડ કપ જેવી બે મહત્વપૂર્ણ ક્રિકેટ ટુર્નામેન્ટ જોવા માટે મોબાઈલ યુઝેર્સને ફ્રી સ્ટ્રીમિંગ આપવાની તૈયારી દર્શાવી છે. એશિયા કપ ટુર્નામેન્ટ શરૂ થવામાં માત્ર ૯ દિવસ બાકી છે, જ્યારે વર્લ્ડ કપ ૫ ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહ્યો છે. વર્ષોથી



ઓટીટીસર્વિસ પ્રોવાઈડર ડિજિટલ યુઝર્સમાં વધારો કરવા માટે ઘણી અલગ અલગ માર્કેટિંગ સ્કીમ્સ લાવતા રહ્યા છે. જેમાંથી ઘણી સ્કીમ્સ ખૂબ જ સારી રહે છે. રસપ્રદ વાત એ છે કે, ડિઝની હોટસ્ટારએ એક ઝુંબેશ શરૂ કરીને માર્કેટિંગને નેક્સ્ટ લેવલ પર લઈ જઈ રહ્યું છે, જે મોબાઈલ પર 'ફ્રી સ્ટ્રીમિંગ' પર ભાર મૂકે છે. જેના માટે માત્ર ડિઝની હોટસ્ટાર એપની જરૂર રહેશે. ડિઝની હોટસ્ટારની તાજેતરની જાહેરાત મુજબ, મોબાઈલ એપ્લિકેશન પર ટૂર્નામેન્ટનું સ્ટ્રીમિંગ ફ્રીમાં થશે. તેમજ તમે બીગ સ્ક્રીન પર પણ મેચનો આનંદ લઈ શકશો, પરંતુ આ માટે તમારે ડિઝની હોટસ્ટારસબ્સ્ક્રિપ્શનની જરૂર પડશે.

### બિહારના મુખ્યપ્રધાનની વિવાદાસ્પદ અપીલ

# મત તેને જ આપો જે રાજ્યમાં દારૂબંધી હટાવે : જીતન રામ માંઝી

## ૭ વર્ષોથી દારૂ પર પ્રતિબંધ છે અને આ કાયદાના કારણે માત્ર ગરીબ લોકોને દંડિત કરવામાં આવી રહ્યાનો આક્ષેપ

। પટના, તા.૨૩ ।

બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતન રામ માંઝીએ મંગળવારે લોકોને અપીલ કરી હતી કે, તેઓ માત્ર તેમને જ મત આપો જે રાજ્યમાં દારૂ પરનો પ્રતિબંધ હટાવે. ગયા જિલ્લાના મંગરાવા મહાદલિત ટોલા ગામમાં લોકોને સંબોધિત કરતા હિન્દુસ્તાની અવામ મોર્ચા (હમ)ના પ્રમુખે કહ્યું કે, રાજ્યમાં છેલ્લા ૭ વર્ષોથી દારૂ પર પ્રતિબંધ છે અને આ કાયદાના કારણે માત્ર ગરીબ લોકોને દંડિત કરવામાં આવી રહ્યા છે. માંઝીએ કહ્યું કે, દરેક લોકો જાણે છે કે, મોટા ભાગના આઈએએસઅને આઈપીએસઅધિકારીઓ, ડોક્ટર્સ, બિલેડર, કોન્ટ્રાક્ટર, મંત્રી અને રાજનેતાઓ રાત્રે ૧૦ વાગ્યા બાદ દારૂનું સેવન કરે છે પરંતુ તેમને દંડિત કરવામાં નથી આવતા. બીજી તરફ ગરીબ મજૂર જે આખો દિવસ મહેનત કર્યા બાદ દારૂ પીવે તો તેઓ અપરાધી બની જાય છે. કારણ કે, તેઓ પોલીસ અને આબકારી વિભાગ માટે સરળ ટાર્ગેટ બની જાય છે. માંઝીએ કહ્યું કે, પોલીસ અને આબકારી વિભાગના અધિકારીઓએ મંગરાવા મહાદલિત ટોલામાં ગરીબ લોકોને દોડી-દોડીને માર માર્યો. હું લોકોને અપીલ કરું છું કે, તમે માત્ર એમને જ મત આપો જેઓ તાડી અને દારૂ પર પ્રતિબંધ હટાવે. તેમણે કહ્યું કે, દારૂબંધી લાગુ થયા બાદથી ૫ લાખથી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી જેમાંથી ૩.૫ લાખ મજૂરો અને ગરીબ લોકો હતા. ગુજરાત અને ઝારખંડમાં પણ દારૂ પર પ્રતિબંધ છે.

### એન્ટિલિયા બોમ્બ કેસમાં ધરપકડ થઈ છે

# પૂર્વ પોલીસ અધિકારી પ્રદીપ શર્માને સુપ્રીમે જામીન આપ્યા

## સચિન વાજે આ કેસમાં મુખ્ય આરોપી છે અને શર્માને વાજેસાથેજોડવાનાકોઈસીધાપુરાવાનહોવાનીદલીલ

। નવી દિલ્હી, તા.૨૩ ।

સુપ્રીમ કોર્ટે બુધવારે (૨૩ ઓગસ્ટ) વેપારી મનસુખ હિરેનની હત્યા અને એન્ટિલિયા બોમ્બ કેસમાં ધરપકડ કરાયેલા પૂર્વ પોલીસ અધિકારી પ્રદીપ શર્માને જામીન આપ્યા હતા. જણાવી દઈએ કે જસ્ટિસ એએસ બોપન્ના અને જસ્ટિસ પીએસ નરસિમ્હાની બેન્ચે શર્મા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગી અને એનઆઈએમાટે એડિશનલ સોલિસિટર જનરલની દલીલો સાંભળી. રોહતગીએ કહ્યું કે પ્રદીપ શર્મા એક આદરણીય પોલીસ અધિકારી હતા જેઓ ૩૭ વર્ષની સેવા બાદ નિવૃત્ત થયા હતા. એન્ટિલિયા બોમ્બ કેસ અને બિઝનેસમેન



મનસુખ હિરેનની હત્યામાં ધરપકડ કરાયેલા પૂર્વ પોલીસ અધિકારી પ્રદીપ શર્માની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટે સોમવારે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ કહ્યું હતું કે સસ્પેન્ડેડ પોલીસ અધિકારી સચિન વાજે આ કેસમાં મુખ્ય આરોપી છે અને શર્માને વાજે સાથે જોડવાના કોઈ સીધા પુરાવા નથી. શર્મા પર માત્ર હિરેનની હત્યામાં સહ-ષડયંત્ર રચવાનો આરોપ છે. શર્મા વાજેને મળ્યા પણ આ દરમિયાન શું થયું?

### દેશના વિવિધ ભાગોમાં જોરદાર વરસાદ થઇ રહ્યો છે

# ઉત્તર ભારતના અનેક રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરાઈ

## હિમાચલમાં ૨૫,૨૬ ઓગષ્ટે યલો એલર્ટ, પાંચ દિવસ ઇશાન દિશામાં આવેલ રાજ્યમાં વરસાદ પડવાની શક્યતા

। નવી દિલ્હી, તા.૨૩ ।

દેશના વિવિધ ભાગોમાં જોરદાર વરસાદ થઈ રહ્યો છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં વરસાદનો જોર વધુ છે. આ વરસાદને કારણે ઘણાં વિસ્તારોમાં જનજીવન ખોરવાયું છે. દરમીયાન હવામાન ખાતામાંથી મળતી માહિતી મુજબ આજે પણ દેશની રાજધાની સહિત વિવિધ રાજ્યમાં મૂશળધાર વરસાદની શક્યતાઓ વર્તાઈ રહી છે. હવામાન ખાતામાંથી મળતી માહીતી મુજબ ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓને ગરમીથી રાહત મળશે. કારણ કે રાજ્યના અનેક જિલ્લાઓમાં આજે યલો અને ઓરેંજ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેથી આજે રાજ્યમાં જોરદાર વરસાદની શક્યતાઓ હવામાન ખાતા દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. બીજી બાજુ હિમાચલ પ્રદેશમાં પણ ગાજવીજ સાથે વરસાદની શક્યતાઓ વર્તાઈ રહી છે. રાજ્યના ૧૨માંથી ૮ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સાથે સાથે રાજ્યમાં ૨૫ અને ૨૬ ઓગષ્ટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉપરાંત તેલંગણા, મરાઠવાડા, સિક્કીમ, અરુણાચલ પ્રદેશ, જમ્મૂ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ, ઓડિશા, આંધ્ર પ્રદેશનો કિનારાનો પટ્ટો, કર્ણાટક અને કેરલમાં છૂટોછવાયો વરસાદ થશે. મધ્ય પ્રદેશમાં પણ ૧૫મી ઓગષ્ટથી જ ચોમાસું સક્રિય થયું છે. તેથી ત્યાં પણ વરસાદની શક્યતાઓ રહેલી છે. ઉપરાંત છત્તીસગઢમાં પણ વરસાદ થઈ શકે છે. રાજસ્થાનના કેટલાંક જિલ્લાઓમાં હલકાથી ભારે વરસાદની શક્યતાઓ છે. રાજ્યના જોધપુર, બિકાનેર, ઝાલાવાડ, પાલી સહિત અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતાઓ છે. ઉત્તરાખંડમાં પણ હાલમાં મૂશળધાર વરસાદ થઈ રહ્યો છે. જેને કારણે ત્યાનું જનજીવન ખોરવાયું છે. રાજ્યના નદી-નાળાઓ ભયજનક સપાટી પર વહી રહ્યાં છે. જેને કારણે પૂર જેવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. રાજ્યમાં થઈ રહેલ ભૂસ્ખલનને કારણે અનેક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે.

### વિપક્ષોના સંગઠનમાં પીએમ પદના ઉમેદવારને લઈને હંગામો

# જેની પાસે વધુ બેઠક હશે તેના નેતા પીએમ બનશે : પ્રમોદ તિવારી

## સત્તાધારી પક્ષ ઈડી-સીબીઆઈનો ડર બતાવીને દબાણ કરતો હતો, હવે આ ગઠબંધનમાં લોકોનો વિશ્વાસ વધ્યો

। નવી દિલ્હી, તા.૨૩ ।

લોકસભાની ચૂંટણી આડે હવે એક વર્ષથી પણ ઓછો સમય બચ્યો છે. ચૂંટણી પહેલા પીએમપદની ઉમેદવારીને લઈને વિપક્ષી ગઠબંધન ઈન્ડિયામાં હંગામો શરૂ થયો છે. મુંબઈમાં વિપક્ષની ગઠબંધનની બેઠક પહેલા હવે ભાષણબાજીનો નવો તબક્કો શરૂ થયો છે. કોંગ્રેસે આ પદ માટે મોટું નિવેદન આપ્યું છે. વિપક્ષી ગઠબંધન સામે સૌથી મોટો સવાલ એ છે કે આગામી લોકસભા ચૂંટણીમાં તેઓ પીએમ મોદીની સામે કોને મેદાનમાં ઉતારશે? વિપક્ષી ગઠબંધનમાં પીએમ પદના દાવેદારોની યાદી વધી રહી છે, પરંતુ હજુ સુધી કોઈનું નામ સામે આવ્યું નથી. જો કે હવે આ યક્ષ પ્રશ્નને લઈને કોંગ્રેસ નેતા પ્રમોદ તિવારીનું મોટું નિવેદન



સામે આવ્યું છે. કોંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ કહ્યું છે કે જેની પાસે સૌથી વધુ બેઠકો હશે. તે પાર્ટીના નેતા જ પીએમ બનશે. આ સવાલના જવાબમાં પ્રમોદ તિવારીએ કહ્યું કે, '૨૦૨૪માં દેશભરના તમામ નાના-મોટા પક્ષો એક મંચ પર એકઠા થશે અને ચૂંટણી લડશે અને જે પક્ષને સૌથી વધુ બહુમતી મળશે તે પાર્ટીના નેતા ઈન્ડિયાગઠબંધન તરફથી વડાપ્રધાન પદ માટે ચૂંટાશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આવનારા થોડા દિવસોમાં ઈન્ડિયાના મહાગઠબંધનમાં અનેક મોટી પાર્ટીઓ જોડાવા જઈ રહી છે.

## તંત્રી લેખ...

# વધુ ઉંઘ અયોગ્ય છે

રાત અને દિનમાં પુરતી ઉંઘ મળી હોવા છતાં પણ જો કોઈ વ્યક્તિ દિવસભર ઉંઘ લેતી નજરે પડે છે તો તે આળસ નહી બલ્કે બિમારીના સંકેતો છે અને સાવધાન થઈ જવાની જરૂર છે. પુરતા પ્રમાણમાં ઉંઘ લીધા બાદ પણ હમેંશા જો ઉંઘ આવતી રહે છે તો ડિપ્રેશન, ઈન્સોમેનિયા, ડાયાબિટીસ, હાર્ટ ડિસિઝ અથવા તો અન્ય બિમારીના લક્ષણ હોઈ શકે છે. વય અને શારરિક સ્થિતી મુજબ તમામની ઉંઘ અથવા નિંદની અવધિ જુદી જુદી હોય છે. પરંતુ જરૂર કરતા વધારે પ્રમાણમાં ઉંઘ અને વધુ ઉંઘ છતાં પણ કમજોરી લાગે છે તો ખતરનાક સંકેતો છે. ઉંઘ પુરતા પ્રમાણમાં આવી હોવા છતાં સતત ઉંઘ ફિટ નહીં હોવાના સંકેતો આપે છે. કેટલીક બિમારી હોવાના સંકેત આપે છે જેને લઈને અમે વાત કરવા જઈ રહ્યા છીએ. હમેંશા ઉંઘ આવવી અને શરીરમાં કમજોરીનો અનુભવ થવાની બાબત ડિપ્રેશનનો સંકેત આપે છે. આવી સ્થિતીમાં વ્યક્તિનુ કોઈ પણ પ્રકારના કામમાં મન લાગતુ નથી. તેને દિવસભર ઉંઘતા રહેવાની ઈચ્છા થાય છે. ઓબ્સટક્ટિવ સ્લીપ એપ્રિયાનો સીધો સંબંધ ઉંઘ અને શ્વાસ લેવા સાથે સંબંધિત છે. આમાં ઉંઘી જવાની સ્થિતીમાં નાક અને મોના ઉપરના હિસ્સામાં હવા ભરાઈ જાય છે. જેના કારણે મોથી વ્યક્તિ શ્વાસ લેવાની શરૂઆત કરે છે. જ્યારે હવાના દબાણના કારણે નાકથી અવાજ આવવા લાગી જાય છે. આ બિમારીની સ્થિતીમાં ફેફસાને હવા બહાર નિકાળવા માટે ભારે મહેનત કરવી પડે છે. આ બિમારીના મુખ્ય લક્ષણમાં નીંદમાં બેચેની, અનુભવ કરવાની બાબત સામેલ છે. દિવસમાં વધારે ઉંઘી જવાની બાબત અને હમેંશા સુસ્ત રહેવાની બાબત પણ જોવા મળે છે. હમેંશા થાકનો અનુભવ થાય છે. કોઈ ચીજ પર મન લાગી શકતુ નથી. ઉંઘતી વેળા શ્વાસમાં અડચણો પણ ઉભી થાય છે. આ તમામ બાબતો સ્લીપ અપ્રિયામાં જોવા મળે છે. આવી જ રતે ફાઈબ્રોમાએલ્જિયા નામની તકલીફ પણ થઈ શકે છે. આ રોગનુ મુખ્ય કારણ ચોક્કસ છે. માંસપેશીમાં પીડાની સાથે સાથે થાક લાગે છે. આ બિમારીની યોગ્ય ઓળખ અને સમજ ન હોવાની સ્થિતીમાં આની સારવારમાં ખુબ સમય લાગે છે. ફાઈબ્રોમાયલ્જિયા મસ્કુલોસ્લેટલના કામને પ્રભાવિત કરે છે. જેના કારણે તંત્રિકા તંત્ર પણ યોગ્ય દિશામાં કામ કરી શકતા નથી. આવી સ્થિતીમાં એકાગ્રતાની કમી રહે છે. થાક પણ લાગે છે. ઈડિયોપૈથિક હાઈપરસોમનિયા પણ જોવા મળે છે. કેટલાક કેસમાં આ તકલીફ રહે છે . જેમાં રાતના ગાળા દરમિયાન પુરતી ઉંઘ લેવામાં આવી હોવા છતાં દિનમાં લાંબા સમય સુધી ઉંઘ આવે છે. આ બિમારીમાં વ્યક્તિ ૧૦ કલાકથી પણ વધારે સમય સુધી ઉંઘી જાય છે. વધારે પ્રમાણમાં ઉંઘ છતાં તેને રિલેક્સનો અનુભવ થતો નથી. તેને ફરી ઉંઘી જવાની ઈચ્છા હોય છે. આવી રી રિકરેન્ટ હાઈપરસોમનિયામાં વધારે ઉંઘ આવે છે.

## દવા લેતા પહેલા ખાસ નિયમો સમજો

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે બિમારી દરમિયાન જો તબીબના કહેવા મુજબ અને તેમની સલાહ મુજબ આગળ વધવામાં આવે તો વહેલી તકે સ્વસ્થ થવાની સંભાવના ૧૦ ટકા વધી જાય છે. જેથી કહેવામાં આવે છે કે દવા લેવા માટેના પણ કેટલાક નિતિ નિયમો અને કાયદા છે. આ તમામ નીતિ નિયમો અને કાયદાની ઉપેક્ષા કરી શકાય નહીં. કોઈ પણ ઉપેક્ષા કરવાની સ્થિતીમાં દર્દીની વહેલી તકે સ્વસ્થ થવાની તક ઘટી જાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે દવા કોઈ પણ કેમ ન હોય તે અમારા શરીરમાં અમુક ચોક્કસ સમય અને કલાક સુધી જ કામ કરે છે. તબીબો તેના આધાર પર જ દવાના ડોઝ પણ બનાવે છે. સાથે સાથે તેના આધાર પર ડોઝ આપે છે. જો કોઈ તબીબ કોઈ બિમારીની સ્થિતીમાં દર્દીને એક દિવસમાં ત્રણ વખત લેવાની સલાહ આપે છે તો આનો અર્થ એ થાય છે કે દવાના ડોઝ આઠ કલાક સુધી શરીરમાં સક્રિય રહે છે. દવાની કોઈ પ્રતિકુળ અસર થઈ છે તો તેની જાણ તરત જ તબીબને કરવામાં આવે તે જરૂરી છે. દવાની ગોળીઓ, કેપ્સુલ અથવા તો લિક્વિડ પ્રમાણમાં રહેલી દવાની બોટલોને યોગ્ય તાપમાન પર રાખવામાં આવે તે જરૂરી છે. દવાને બાળકના હાથમાં ન આવે તેવી જગ્યાએ રાખવામાં આવે તે પણ જરૂરીછે. કોઈ પણ દવાની ખરીદી પણ સત્તાવાર કેમિસ્ટથી જ કરવામાં આવે તે જરૂરી છે. દવા ખરીદતી વેળા તેની રિસિપ્ટ દવા વેચનાર અથવા તો કેમિસ્ટ પાસેથી ચોક્કસપણે લેવી જોઈએ. દવાની ખરીદી કરતી વેળા દવા બનાવનાર કંપનીનુ નામ અથવા તો તેની એક્સપાયરી ડેટ ચોક્કસપણે જોઈ લેવી જોઈએ. જો એક્સપાયરી ડેટ નિકળી ગઈ છે તો દવા તરત ફેંકી દેવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારની દવાનો ઉપયોગ કરવાની સ્થિતીમાં તે વધારે અસરકારક સાબિત થતી નથી. તેની આડ અસર પણ થઈ શકે છે. ક્યારેય પપણ અંધારામાં દવા લેવી જોઈએ નહી. કેટલીક વખત એવી ભુલ થઈ શકે છે જે જીવલેણ સાબિત થઈ શકે છે. નિષ્ણાંતો અને જાણકાર લોકો કહે છે કે તબીબ દ્વારા જેટલા દિવસની દવા લેવા માટે કહેવામાં આવ્યુ છે તેટલા દિવસ સુધી જ દવા લેવી જોઈએ. તબીબના નિર્દેશ મુજબ દવા લેવાથી કોઈ પણ બિમારીમાં સ્વસ્થ થવાની શક્યતા ૧૦ ટકા વધી જાયછે. વહેલી તકે સ્વસ્થ થવા માટે તબીબના દિશાનિર્દેશ મુજબ આગળ વધવાની જરૂર હોય છે. સામાન્ય રીતે એવુ બને છે કે દવા લીધા બાદ આરામ થવાની સ્થિતીમાં દવા બંધ કરી દેવામાં આવે છે. દવાનુ પ્રમાણ પોતાના મન અને સુવિધાથી ઘટાડી દેવાની સ્થિતીમાં પણ જે સ્થિતીમાં સુધારો થયો છે તેની પાછી માઠી અસર થઈ શકે છે. બીજી બાજુ આધુનિક સમયમાં લોકો તબીબો પાસે સલાહ લીધા વગર એન્ટી બાયોટિક્સ દવા લેતા થયા છે. આ બાબતની નિષ્ણાંતો અને તબીબોએ ગંભીર નોંધ લીધી છે. તબીબોએ કહ્યું છે કે તબીબોની જરૂરી સલાહ વગર કોઈ પણ દવા જાતે લઈ લેવાની બાબત ખતરનાક સાબિત થઈ શકે છે. તેની અનેક આડ અસર પણ થઈ શકે છે. આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઈફ જીવી રહ્યા છે. આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી. બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઈ લે છે. આ દવાથી ચોક્કસપણે રાહત મળે છે પરંતુ આ દવા કોઈ ઈલાજ નથી. આ દવા ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. કોઈ તકલીફ અંગે જાણ નહી હોવા છતાં જે તે તકલીફ અથવા તો પીડામાં દવા જાતે જ લઈ લેવામા આવે છે. તબીબો પાસે જવાનો સમય પણ કાઢી શકતા નથી. જેથી તાવ, સરદી ગરમી, ગળામાં દુખાવાની જાતે જ દવા લોકો લઈ લે છે. પરંતુ આવી દવા જાતે લઈ લેનાર લોકો દવાની અસર કેટલી હદ સુદી થઈ શકે છે તે જાણતા નથી. જાણીતા તબીબોનું કહેવુ છે કે એન્ટીબાયોટિક્સ એન્ટીમાઈક્રોબાઈલ એજન્ટ તરીકે પણ જાણીતી છે. આ પ્રકારની દવાનું કામ શરીરમાં કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શનને દુર કરવા માટેનુ હોય છે. અલબત્ત એન્ટીબાયોટિક્સ બેક્ટિરિયા, પેરાસાઈટ જેવા માઈક્રો ઓર્ગેનિઝમને ટાર્ગેટ બનાવે છે.

# શરીર અને આત્મા આમ બે ભાગમાં વહેંચાયેલું મધ્યપ્રદેશમાં આવેલું ઓમકારેશ્વર અને મમલેશ્વરનું જ્યોર્તિલિંગ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માનવ ગજબનું પ્રાણી છે એમ કહી શકાય કારણ કે શ્રાવણ નવરાત્રી જેવા મહિનામાં મંદિરોમાં જોઈએ તો એટલી ભીડ જોવા મળે કે, આપણને એમ થઈ જાય કે વાહ માનવીમાં ધર્મની ભાવના કેટલી તીવ્ર છે અને તે સાચે જ હવે સુધરી ગયો છે.બસ એ જ રીતે શ્રાવણ ભક્તિની ગતિથી આગળ વધી રહ્યો છે, અને લોકમાનસમાં શિવ આરાધનાની તીવ્રતાના પડઘા તીવ્ર પણે સંભળાઈ રહ્યા છે. સૌ કોઈ પોતાની નિષ્ઠા મુજબ શિવ શંકરને ભજવાની કોશિશ કરી રહ્યા છે. દૂર-દૂર તીર્થમાં આવેલ આ શિવાલયમાં દર્શન કરવા જવાનો પણ શ્રાવણમાં એક અનોખો મહિમા છે, પરંતુ કાળક્રમે બહુ દૂર સુધી દરેક જણા જઈ શકતા નથી, તો એ સ્વરૂપની મૂર્તિ કે છબીનું ભક્તિ ભાવ પૂર્વક પૂજન અર્ચન કરીને પણ આપણે એ અહોભાવ પ્રાપ્ત કરી શકીએ છીએ. કોઈપણ શિવલિંગ હોય, અને એમાં પણ જો સ્વયંભૂ હોય તો કંઈ ને કંઈ દંતકથા તો હોય જ,અને એ પણ કલ્યાણના દેવ સાથે જોડાયેલી હોય તો એમાં સૌને રસ પડે. આપણે આજ સુધીમાં ત્રણ જ્યોતિર્લીંગ વિશે વાત કરી, આજે આપણે વાત કરવા જઈ રહ્યા છીએ ચોથા જ્યોતિર્લીંગ એટલે કે ઓમકારેશ્વરની ઓમકારેશ્વર એ ભારતના હૃદય સમાન મધ્યપ્રદેશમાં આવેલું જ્યોતિર્લિંગ છે, એ રીતે ભારતના મધ્યપ્રદેશ ને બે જ્યોતિર્લિંગ મળ્યા છે. ઉજ્જૈનનું મહાકાલ જ્યોતિર્લિંગ પણ મધ્યપ્રદેશ સ્થિત છે, જ્યારે ઓમકારેશ્વર અને મમલેશ્વર પણ મધ્યપ્રદેશમાં આવેલા છે. તો આવો આપણે આજે એ અપરંપાર શક્તિ પ્રદાન કરનારા જ્યોતિર્લિંગ વિશે વાત કરીએ. ઓમકારેશ્વર શિવને સમર્પિત અને ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગમાંનું એક મંદિર છે. આ મંદિર માંધત કે શિવપુરી નામના નર્મદા નદીના એક ટાપુ પર આવેલું છે. કહેવાય છે કે આ ટાપુનો આકર જ જેવો છે. અહીં બે મંદિરો આવેલા છે, ઓમકારેશ્વર ઓમકારના ભગવાન અને અમરેશ્વર અમર દેવોના ભગવાન પણ દ્વાદશ જ્યોતિર્લિંગના શ્લોક અનુસાર, મમલેશ્વર પણ જ્યોતિર્લિંગ છે, જે નર્મદા નદીની પેલે પાર અવેલું છે. ઓમકારેશ્વર મમલેશ્વર એમ બે શિવલિંગ આ જ્યોતિર્લિંગ મંદિર ધરાવે છે, અને ઓમકારેશ્વર



આત્મા છે, તો મમલેશ્વર એ શરીર છે, અને જ્યાં સુધી મમલેશ્વરના દર્શન કરવામાં ન આવે, ત્યાં સુધી ઓમકારેશ્વરની યાત્રા અધૂરી ગણાય છે, આ મંદિર સાથે ત્રણ દંત કથા જોડાયેલી છે. માન્યતા અનુસાર પ્રથમ દંતકથામાં જણાવ્યા અનુસાર એ કથા વિંધ્ય પર્વત વિષેની છે. એક સમયે બ્રહ્માજીના પુત્ર નારદ મુનિ અખંડ વિશ્વ ભ્રમણ માટે નીકળ્યા હતાં, તેઓ ફરતાં ફરતાં વિંધ્ય પર્વતની મુલાકાતે આવ્યા. વિંધ્ય પર્વતે તેનું ભાવભીનું સ્વાગત કર્યું, અને મુનિને રોકાઈ જવા અનુરોધ કર્યો, આ ઉપરાંત પોતાની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે આમ તો મારે ત્યાં કોઈ વાતની કમી નથી, નારદ મુનિ વિંધ્યનું અભિમાન પામી ગયાં, અને તેમણે પોતાની તીવ્ર વાણીમાં વિંધ્યને મેરુ પર્વતની મહાનતા સંભળાવી,અને કહ્યું કે તેનું શિખર તો સ્વર્ગ જેટલું ઉંચુ છે, અને આમ કહી પોતે એ સ્થળ છોડી ચાલ્યા ગયા. આને કારણે વિંધ્યને મેરુની ઈર્ષ્યા ઉપજી અને તેણે મેરુ કરતા મોટા બનવાનો નિર્ણય કર્યો. મેરુ કરતાં મોટા બનવા વિંધ્ય એ શિવજીની ઉપાસના શરૂ કરી. વિંધ્યે શિવના પાર્થિવ લિંગ અને ઓમકારેશ્વરની લગાતાર છ મહિના સુધી પૂજા કરી, અને કઠોર તપસ્યા કરી,આથી શિવ પ્રસન્ન થયા અને તેને ઈચ્છિત વરદાન આપ્યું. વિંધ્ય પર્વત જે જગ્યા પર કઠોર તપશ્ચર્યા કરી ત્યાં ઓમકારેશ્વરનું મંદિર આવેલું છે. આટલો જૂનો ઈતિહાસ ધરાવતું મંદિર હોવાથી એ પુરાણ પ્રસિદ્ધ મંદિર તરીકે પણ ઓળખાય છે. સર્વ દેવો અને ઋષિ મુનિઓની વિનંતિથી શિવ એ લિંગના બે ભાગ કર્યાં. એક ભાગ ઓમકારેશ્વર કહેવાયો, અને બીજો ભાગ મમલેશ્વર કે અમરેશ્વર કહેવાયો. ભગવાન શિવ એ વિંધ્યને વધવાનું વરદાન તો આપ્યું, પણ એ શરત રાખી કે તે ક્યારેય શિવ ભક્તોના માર્ગમાં આડો નહિં આવે. વિંધ્યે વધવાનું ચાલું કર્યું પણ પોતાનું વચન પાળ્યું નહીં. તેણે સૂર્ય અને ચંદ્રનો માર્ગ પણ રોક્યો. સર્વ ઋષિમુનિઓ મદદ માટે અગસ્ત્ય ઋષિ પાસે ગયાં. અગસ્ત્ય મુનિ તેમના પત્ની સાથે વિંધ્ય પાસે આવ્યાં અને તેને મનાવી લીધો કે, જ્યાં સુધી તેઓ અને તેમના પત્ની પાછાં નહીં ફરે ત્યાં સુધી તે વધશે નહીં. તેઓ ફરી પાછાં ફર્યાં જ નહીં, અને વિંધ્ય વધ્યો નહીં. મુનિ અને તેમના પત્ની શ્રી શૈલમમાં સ્થાયી થયાં, જેને ત્યારથી દક્ષિણની કાશી કહેવાય છે અને ત્યાં પણ દ્વાદશ જ્યોતિર્લિંગમાંનુ એક જ્યોતિર્લિંગ છે. બીજી એક દંતકથા રાજા મંધાતને સંબંધિત છે. ભગવાન રામના પૂર્વજ ઈક્ષ્વાકુ કુળના રાજા મંધાતએ ભગવાન શિવની ઉપાસના કરીને તેમને અહીં જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રગટ થવા મનાવ્યાં હતાં. અમુક વિદ્વાનો માને છે કે મંધાત રાજાના પુત્રો અંબરિશ અને મુકુંદ દ્વારા તીવ્ર તપસ્યા કરીને શિવને પ્રસન્ન કરાયાં હતાં. આને કારણે તે પર્વતનું નામ મકંધાત પર્વત પડ્યું છે, અને શંકર ભગવાન બંને ને પ્રસન્ન થયા હોવાથી શિવલિંગ બે ભાગમાં વહેંચાઈ ગયેલું છે. ત્રીજી અને અંતિમ દંતકથા મુજબ એક સમયે દેવો અને દાનવો વચ્ચે ભીષણ યુદ્ધ થયું હતું, જેમાં દાનવોનો વિજય થયો હતો. દેવો માટે આ ખૂબ જ શરમ જનક વાત હતી. આથી તેમણે ભગવાન શિવની આરાધના કે તપશ્ચર્યા કરી. તેમની આરાધના ના ફળ સ્વરૂપે ભગવાન શિવ ઓમકારેશ્વર સ્વરૂપે પ્રગટ થયા અને દાનવોને પરાસ્ત કર્યાં હતાં. આજે પણ નદીની વચ્ચે ઓમકારેશ્વરનું મંદિર આવેલું છે અને નર્મદા નદીને કિનારે મમલેશ્વરનું મંદિર આવેલું છે દર્શનાર્થે આવેલા લોકો પ્રથમ મમલેશ્વરનાં દર્શન કરી પછી જ નદીની અંદર આવેલા ઓમકારેશ્વરના મંદિરના દર્શને જાય છે. ઓમકારેશ્વરની જળહરી માંથી પર્વતની નીચેથી અદ્રશ્ય રીતે નર્મદાનું પાણી વહેતુ રહે છે, અને ઓમકારેશ્વરના મુળ મુર્તિ લિંગની આસપાસ નર્મદાનું પાણી વહેતુ જોવા મળે છે. જ્યારે પણ આ પાણીના ઉપરના ભાગમાં પરપોટા જોવા મળે છે, ત્યારે લોકો શિવજી પ્રસન્ન થયાં, એવું માનતા હોય છે, અને એવી આસ્થા પણ લોકો રાખતા હોય છે. જ્યોતિર્લિંગના પાછળના ભાગમાં પાર્વતીજીની પથ્થરની મૂર્તિ આવેલી છે, અને તેને ચાંદીના પતરાથી મઢવામાં આવી છે. ગર્ભગૃહમાં અખંડ દીવો પ્રજ્વલિત હોય છે, મૂળ ઓમકારેશ્વરના જ્યોતિર્લિંગના ગર્ભગૃહમાં ૧૩થી ૧૪ માણસો સમાય શકે એટલું નાનું રહ્યું છે. આ સ્થળ ભારતનાં મધ્ય પ્રદેશના ખંડવા જિલ્લામાં આવેલું છે. મધ્ય પ્રદેશના મોર્તક્કાથી આ સ્થળ ૨૦ કિમી દૂર આવેલું છે. આ સ્થળનો પવિત્ર નદી નર્મદા સાથે સંબંધ છે, નર્મદા નદી ભારતની પવિત્ર નદીઓમાંની એક છે, જેના પર વિશ્વનો એક મોટો બંધ બંધાયો છે. નર્મદા એ ભારતની એવી નદી છે, કે જેમાં પર બાંધવામાં આવેલા બંધથી ગુજરાત આખાને મોટે ભાગે પાણી ઉપલબ્ધ થઈ રહી છે, અને થોડા વર્ષો પહેલાની પાણીની અતિ ગંભીર સમસ્યા હલ થઈ શકી છે. ઓમકારેશ્વર મહાદેવનું મંદિર ટાપુ પર આવેલ હોવાથી, અહીં પહોંચવા માટે આગબોટ ઉપલબ્ધ છે. આ ઉપરાંત બે પુલ દ્વારા પણ અહીં પહોંચી શકાય છે. આજકાલ સમયની મારામારી હોય, ત્યાં આવા તે સ્થાને પહોંચવા માટે હવાઈ માર્ગ પણ ઉપલબ્ધ હોય તો વધુ સારું, તેથી અહીં હવાઈ માર્ગે પહોંચવા ઈંદોર હવાઈ મથક ૯૯ કિમી, ઉજ્જૈન હવાઈ મથક ૧૩૩ કિમી દૂર આવેલું છે, જ્યાંથી બાય રોડ પહોંચી શકાય છે. આ ઉપરાંત રેલ માર્ગે સૌથી નજીકનું રેલ્વે સ્ટેશન પશ્ચિમ રેલ્વેની રતલામ ખાંડવાખંડમાં ઓમકારેશ્વર રોડ અહીંથી ૧૨ કિમી દૂર છે. પણ તે મુખ્ય લાઈન પર નથી. મુંબઈ અને દીલ્હીથી જોડાયેલ અન્ય મુખ્ય રેલ્વે મથક ઈંદોર છે. ઓમકારેશ્વર મધ્ય પ્રદેશના મુખ્ય શહેરો અને ગામડાઓથી રસ્તા માર્ગે જોડાયેલું છે. ખાંડવાથી ઓમકારેશ્વર જતાં રસ્તામાં ડાબી તરફ ગાયક કિશોર કુમારનું સ્મારક જોઈ શકાય છે. મંદિર સાદુ હોય, સ્વયંભૂ હોય, કે જ્યોતિર્લિંગ હોય, પરંતુ ભગવાન શિવ સમગ્ર જગ્યાએ સરખી રીતે ઉપલબ્ધ છે અને ભાવનાની ભૂગોળમાં આપણને અહીં પણ એ જ રીતે અનુભવી શકાય છે. તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે,

## શ્રાવણ માસમાં શિવ મહિમા - ૦૮

# સદાશિવના નંદીશ્વર અવતારનો મહિમા જાણવા પ્રયત્ન કરીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



આપણે શ્રાવણ માસમાં કલમ કાગળ થકી શિવ મહિમા ભકતો સાથે શેર કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, ગઈકાલે શ્રાવણ માસમાં શિવ મહિમા-૦૭માં શિવાલય- શિવમંદિરનો મહિમા જોયો,જે આપ સૌને ગમ્યો હશે. આજે શ્રાવણ માસમાં શિવ મહિમા-૦૮માં સદા શિવના નંદીશ્વર અવતારનો મહિમા જાણવા પ્રયત્ન કરીએ.તે પણ નંદીશ્વરના મુખેથી જ.

સનતકુમારે નંદીશ્વરને પૂછ્યું - હે પ્રભુ,મહાદેવના અંશથી જન્મેલા આપે શિવને કેવી રીતે પામ્યા છો, તે વિશે આપ મને કહે નંદી કહે છે ભગવાન હું સદાશિવના અંશથી જન્મેલો છું.શિલાદ ઋષિને પ્રજા ની ઈચ્છા થતાં તેમણે ઈન્દ્રને ઉદેશીને અતિ દુઃખદ તપ આરખું . તેમના તપથી પ્રસન્ન થયેલા ઈન્દ્રે તેમને વરદાન માગવા કહ્યું હું દેવેશ્વર તમે પ્રસન્ન થયા હો તો યોનિથી જન્મ નહિ પામનાર, મૃત્યુ રહિત અને ઉત્તમ વ્રતવાળો પુત્ર હું ઈચ્છું છું ઈન્દ્ર કહે હે મુનિ ! આવો પુત્ર આપવા સમર્થ નથી.તમે સદા શિવની આરાધના કરી. તે જરૂર તમારી ઈચ્છા પૂરી કરો.પછી શિલાદ મુનિએ સદાશિવનું આરાધના કરવા માંડયુ. સદાશિવ ના તપમાં એ ભૂદેવોએ દેવતાઈ હજાર વર્ષ એક ક્ષણની જેમ પસાર થઈ ગયા. તેમનું શરીર રાફડાથી ઢંકાઈ ગયું અને કીડાઓ પણ મુનિને ઘેરી વળ્યાં, ત્યારે પ્રભુ શિવજીએ તેમને દર્શન દીધાં અને વરદાન માગવા કહ્યું ત્યારે શિલાદ મુનિએ કહ્યું કે હે પ્રભુ શિવ !આપ જેવી મૃત્યુ રહિત યોનિથી જન્મ નહિ પામનારો પુત્ર હું ઈચ્છું છું શિવજીએ કહ્યું હે બ્રાહ્મણ પૂર્વે તપ કરીને મુનીઓએ તથા ઉત્તમ દેવોએ બ્રહ્માએ તેમજ અવતાર ધારણ કરવા મારૂ પુજન કરેલ . તેથી હું યોનિથી જન્મ નહિ લેનારો નંદી નામે તમારો પુત્ર થઈશ .આમ કહી શિવજી અદ્રશ્ય થઈ ગયા. શિલાદ મુનિએ પોતાના આશ્રમે આવી સર્વ વૃત્તાંત ઋષિઓને કહી સંભળાવ્યો. પછી શિલાદે પક્ષો માટેની તૈયારી કરી તે સમયે હું શિવજીની આજ્ઞાથી તેમના પુત્ર રૂપે ઉત્પન્ન થયો ત્યારે પુષ્કરાવરત મેઘો વરસી પડ્યા ખેંચરો,કીન્નરો, સિધ્ધો સાધ્યો ગાવા લાગ્યો બ્રહ્મા વગેરે દેવો તેમજ દેવપત્તિઓ તેમજ વિષ્ણુ,શિવ તથા અંબિકા દેવી પણ ત્યાં પધાર્યા.તે ટાણે મોટો ઉત્સવ થયો. ત્યારબાદ સઘળાં પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા . શિલાદે મને બાળકને પ્રલય કાળને સૂર્ય તથા અગ્નિ સમાન પ્રભાવક, ત્રણ નેત્રો વાળા,ચાર ભૂજાવાળી, જારૂપ નવા મુગટવાળો તેજસ્વી જોઈને મહા આનંદથી પ્રણામ કર્યાં અને કહ્યું દાદા દેવેશ્વર તમે મને ઘણો આનંદિત કર્યો છે,માટે તમે નંદી નામે પ્રખ્યાત ધાઓ પછી શિલાદેએ મારા જાતકર્મ વગેરે સર્વ સંસ્કાર કર્યા પાંચ વર્ષ થતાં તો મારા પિતાએ અંગોપાંગ સહિત સર્વવૈદો તથા બીજા શાસ્રો પણ ભણાવી દીધાં.સાતમું વર્ષ પૂરું થતાં પ્રભુ શિવજીની આજ્ઞાથી બે મુનિઓ મને જોવા આશ્રમમાં આવ્યાં અને તેમને કહ્યું તમારા નંદીનું આયુષ્ય એક વર્ષ થી વધારે દેખાતું નથી.બ્રાહ્મણીના વચનથી શિલાદમુની ખૂબ જ દુઃખી થઈ ચિંતિત રહેવા લાગ્યાં .ત્યારે નંદીને પિતાને ચિંતામુક્ત રહેવા કહ્યું અને મહાદેવના ભજનથી હું મોતને જીતીશ.એમ કહી તેઓ વનમાં ચાલ્યા ગયા.તેમને વનમાં રુદ્ર મંત્ર ના જાપથી મહાદેવને પ્રસન્ન કર્યા અને પોતાના આયુષ્ય અંગે વાત કરી .શિવે કહ્યું તું ઘડપણ વિનાનો, મરણ રીત તથા દુઃખ વિનાનો મારો ગણનાયક થઈશ.આમ કહી શિવા એ પોતાની મસ્તક માળા ઉતારી મારા ગળામાં આરોપી. તેથી હું શિવની જેમ ત્રણ નેત્રવાળો અને દશ ભુજવાળો થઈ ગયો .પછી શિવજીએ પોતાની જટામાં રહેલું પવિત્ર નિર્મળ જળ હાથમાં લઈ તું નંદી થા એમ કહી મારા પર છાંટતા એ જળમાંથી પાંચ નદીઓ વહી ચાલી .પછી શિવજીએ કહ્યું આદિશ્વર મારો પુત્ર છે. તેને મારો પ્રિય ગણનાયક અને ઈશ્વરોનો ઈશ્વર બનાવી આજથી આનંદી શ્વર તમારો પૂજય થાઓ.''સર્વ ગણ નાયકોએ'''તથાસ્તુ કહી સર્વ સામગ્રી લઈ મારો અભિષેક કર્યો, સર્વ દેવોએ ત્યાં આવી મારી સ્તુતિ તથા અભિષેક કર્યો. પછી સર્વ દેવોએ વાયુઓની પુત્રી સુચાદેવી સાથે મારો વિવાહ ક્ર્યો, પછી સર્વ દેવીએ મને અનેક ઉપહારોથી નવજયો,શિવજી તથા દેવીપાર્વતી એ મને તથા મારી પત્નીને અનેક વરદાન આપ્યા પછી મને લઈ પોઠીયા પર આરુઢ થઈને પોતાના સ્થાને ગયા.શિવનો જ અવતાર નંદી છે

શિલાદ નામના એક મુનિ હતાં, જે બ્રહ્મચારી હતાં. વંશ સમાપ્ત થતો જોઈને તેમના પિતૃઓએ તેમને સંતાન ઉત્પન્ન કરવાનું જણાવ્યું. શિલાદ મુનિએ ભગવાન શિવને પ્રસન્ન કરી મૃત્યુહીન પુત્ર માંગ્યો. ભગવાન શિવે શિલાદ મુનિને આ વરદાન આપી દીધું. એક દિવસ જ્યારે શિલાદ મુનિ જમીન ખેડી રહ્યા હતા,ત્યારે તેમને એક બાળક મળ્યું. શિલાદે તેનું નામ નંદી રાખ્યું. એક દિવસ મિત્રા અને વરૂણ નામ ના બે મુનિ શિલાદના આશ્રમમાં આવ્યાં. તેમણે જણાવ્યું કે નંદી અલ્પાયુ છે. આ સાંભળીને નંદી મહાદેવની આરાધના કરવા લાગ્યો પ્રસન્ન થઈને ભગવાન શિવ પ્રકટ થયા અને કહ્યું કે, તું મારો જ અંશ છે, એટલે તને મૃત્યુ નો ભય કેવી રીતે હોઈ શકે? આવું જણાવીને ભગવાન શિવે નંદીને પોતાનો ગણાધ્યક્ષ પણ બનાવી લીધો.

શિવજીની સમાધિ અને તપસ્યામાં કોઈ વિઘ્ન ન આવે, એટલા માટે નંદી જ વ્યક્તિની મનોકામના શિવજી સુધી પહોંચાડે છે.

શિવજીની સમાધિ અને તપસ્યામાં કોઈ વિઘ્ન ન આવે,એટલા માટે નંદી જ વ્યક્તિની મનોકામના શિવજી સુધી પહોંચાડે છે આ માન્યતાના કારણે નંદીના કાનમાં મનોકામના કહેવામાં આવે છે માન્યતા છે કે,જ્યાં શિવ મંદિર હોય છે, ત્યાં નંદીની સ્થાપના પણ કરવામાં આવે છે.નંદી ભગવાન શિવના પરમ ભક્ત છે.જ્યારે પણ કોઈ વ્યક્તિ શિવ મંદિરમાં આવે છે ત્યારે તે નંદીના કાનમાં પોતાની મનોકામના જણાવે છે.જેની પાછળ માન્યતા છે કે,ભગવાન શિવ તપસ્વી છે અને તેઓ હંમેશાં સમાધિમાં રહે છે.એવામાં તેમની સમાધિ અને તપસ્યામાં કોઈ વિઘ્ન ન આવે, એટલા માટે નંદી જ વ્યક્તિની મનોકામના શિવજી સુધી પહોંચાડે છે.આ માન્યતાના કારણે લોકો નંદીને મનોકામના જણાવે છે.

નંદી પૂજા વિના શિવ પૂજા અધૂરી રહે છે.જ્યારે આપણે શિવ પૂજા કરીએ છીએ, ત્યારે નંદીની પૂજા પણ કરવી જોઈએ. નંદી પૂજા વિના શિવ પૂજા અધૂરી જ માનવામાં આવે છે. નંદી શિવજીને પ્રિય છે.નંદી શિવજીના પરમ ભક્ત છે અને પોતાના ભક્ત નંદીની પૂજા કરનાર ભક્તો ઉપર શિવજી ખાસ કૃપા કરે છે.

વાચક ચાહક શિવ ભક્તો સુધી શ્રાવણ માસમાં શિવ મહિમા દ્વારા સદા શિવના ગુણગાન આપ સૌ શિવ ભક્તો સુધી પહોચાડવા પ્રયત્ન કરીએ છીએ ક્યાંક પ્રેસ ક્ષતિ જણાય તો આપ સૌ સુધારી વાંચશો ભગવાન શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે.

# હરામની કમાણીનો અંજામ



પંજાબના 'ખન્ના' નામના શહેરમાં મેડિકલ સ્ટોર ચલાવનાર રમેશચંદ્ર શર્મા; તેમણે તેમના જીવનમાં એક પૃષ્ઠ ખોલી નાખ્યું.જે આવા બિઝનેસ સાથે જોડાયેલા વાચકોની આંખો ખોલી શકે છે, રમેશજી કહે છે કે મારો મેડિકલ સ્ટોર ખૂબ જ સારી રીતે ચાલતો હતો અને મારી આર્થિક સ્થિતિ પણ ઘણી સારી હતી. મારી કમાણી સાથે મેં જમીન અને કેટલાક પ્લોટ ખરીદ્યા અને મારા તબીબી સ્ટોરની સાથે ક્લિનિકલ પ્રયોગશાળા પણ ખોલી. હું અહીં અસત્ય નહીં બોલું . હું ખૂબ જ લોભી માણસ હતો, કારણ કે તબીબી ક્ષેત્રે ડબલ જ નહીં, ઘણી કમાણી કરી હતી. સંભવતઃ મોટાભાગના લોકો જાણતા નહીં હોય કે તબીબી વ્યવસાયમાં ૧૦ રૂપિયામાં આવતી દવા સરળતાથી ૭૦-૮૦ રૂપિયામાં વેચાય છે. પરંતુ કોઈએ મને ક્યારેક બે રૂપિયા પણ ઘટાડવાનું કહ્યું હતું, ત્યારે હું ગ્રાહકને ના પાડતો. વર્ષ ૨૦૦૮ માં એક વૃદ્ધ માણસ ઉનાળા દરમિયાન મારા સ્ટોર પર આવ્યો. તેણે મને ડૉક્ટરની પ્રિસ્ક્રિપ્શન આપી. મેં દવા વાંચી અને બહાર કાઢી તે ડ્રગ બિલ ૫૬૦ રૂપિયા થઈ ગયું. પણ વૃદ્ધ માણસ વિચારતો હતો. તેણે તેના બધાં ખિસ્સાં ખાલી કર્યાં, પરંતુ તેની પાસે કુલ ૧૮૦ રૂપિયા હતા. હું તે સમયે ખૂબ જ ગુસ્સે હતો, કારણ કે મારે તે વૃદ્ધ વ્યક્તિની દવા લેવા માટે ઘણો સમય લેવો પડ્યો હતો અને તેની પાસે પૈસા પણ નહોતા. વૃદ્ધ માણસ દવા લેવાનો ઈનકાર પણ કરી શક્યો નહીં. કદાચ તેને દવાઓની તીવ્ર જરૂર હતી. ત્યારે વૃદ્ધે કહ્યું, "મદદ કરો. મારી પાસે પૈસા ઓછા છે અને મારી પત્ની બીમાર છે.અમારાં બાળકો પણ અમને પૂછતાં નથી. હું વૃદ્ધાવસ્થામાં મારી પત્નીને મરતો જોઈ શકતો નથી. '' પરંતુ મેં તે સમયે તે વૃદ્ધની વાત? સાંભળી નહીં અને તેને દવા પાછી? મૂકવાનું કહ્યું. અહીં હું એક વાત કહેવા માંગુ છું કે હકીકતમાં તે વૃદ્ધ વ્યક્તિ માટેની દવાઓની કુલ રકમ ૧૨૦ રૂપિયા હતી. મેં તેમાંથી ૧૫૦ રૂપિયા લીધા હોત તો પણ મને ૩૦ રૂપિયાનો નફો થયો હોત.પણ મારા લોભે તે વૃદ્ધ લાચાર વ્યક્તિને પણ મેં છોડ્યો નહીં.

# કિડની અને લિવરના ખૂણે ખૂણેથી ગંદકી સાફ કરી દેશે આ સસ્તા ફ્રુટ્સ

એક રીતે જોવા જઈએ તો, કિડની આપણા શરીરમાં ચાળણીનું કામ કરે છે, તો લિવર આપણા શરીરની ફેક્ટરી છે. કિડની શરીરમાં જામી રહેલા હાનિકારક ટોક્સિનને ફલશ આઉટ કરી દે છે. તો વળી લિવર શરીર માટે ૫૦૦થી વધારે કામ કરે છે. બંને વિના શરીરનું કામ ચાલે નહીં. એટલા માટે બંને હેલ્દી હોવા જરુરી છે. જો કે, આજકાલ જે રીતે આપણા ખાન પાન થઈ ગયા છે, તેનાથી કિડની અને લિવર પર બિનજરુરી બોઝ વધી રહ્યો છે. તેનાથી લિવર અને કિડનીમાં ગંદકી જમા થવી સામાન્ય બાબત થઈ ગઈ છે. આમ તો લિવર અને કિડની બંને પોતાની સફાઈ ખુદ કરી લે છે, પણ સમય સમય પર લિવર અને કિડનીની સાફ કરવા માટે નેચરલ ફ્રુટ્સ મદદ કરી શકે છે. બજારમાં મળતા લિવર અને કિડની ડિટોક્સ પ્રોડક્ટસની તુલનામાં નેચરણ ફ્રુટ્સ વધારે ફાયદાકારક છે.

લાલ દ્રાક્ષ- સ્ટાઈલ ક્રેઝના જણાવ્યા અનુસાર લાલ દ્રાક્ષમાં પ્લાન્ટ કંપાઉડ ફલેવેનોઈડ્સ હોય છે, જે ઈંફલામેશનથી લડે છે. ઈંફલામેશનના કારણે લિવર અને કિડનીમાં ગંદકી જમા થાય છે. એટલા માટે લાલ દ્રાક્ષ લિવર અને કિડની માટે વરદાનનું કામ કરે છે. સમય સમય પર લાલ દ્રાક્ષનો જ્યૂસ પીવાથી કિડની અને લિવર બંને માટે ફાયદાકારક છે. લેમન-ઓરેન્જ અને તરબૂચ જ્યૂસ- હેલ્થલાઈનના સમાચાર અનુસાર લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ



કિડનીને ખૂણે ખૂણેથી સફાઈ કરી દેશે. ફ્રુટ જ્યૂસ કિડની સ્ટોનથી બચાવે છે. તે લિવર માટે ફાયદાકારક છે. લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ શરીરમાં ફ્લૂડનું બેલેન્સ કરે છે.

લીંબુ, તરબૂત અને સંતરા સાઈટ્સ ફ્રૂટ છે, જે કિડની અને લીવર માટે નેચરલ ફળ છે. આ તમામ ફળના મિક્સ જ્યૂસનું સેવન કરવાથી કિડનીના ફિલ્ટર સાફ થઈ જશે. રિપોર્ટ અનુસાર કિડનીમાં ગંદકી જામવાનું સૌથી મોટુ કારણ છે, કેલ્શિયમના નાના-નાના ક્રિસ્ટલ. જે કેલ્શિયમ ક્રિસ્ટલને ઓગાળી દે છે. જેથી આ ફ્રુટ સફાઈની સાથે સાથે કિડનીને સુરક્ષા પણ પ્રદાન કરે છે. તરબૂચ-તરબૂચ લિવર અને કિડની માટે ખૂબ જ ફાયદાકારક છે. તરબૂચમાં મળતા લાઈકોપેન કંપાઉડ એન્ટી ઈંફલામેટરી છે, જે લિવર અને કિડનીના સોજાને ખતમ કરે છે. તરબૂચનું પાણી કિડની ડેમેજ થતાં બચાવે છે. બેરીઝ અથવા સ્ટ્રોબેરી-હેલ્થલાઈનના સમાચાર અનુસાર ક્રેનબરી, બ્લૂબેરી, રસ્પબેરી, જાંબુ વગેરે ફળ કિડની અને લિવર બંને માટે ફાયદાકારક છે. તેમાં એન્ટીઓકિસડેંટ્સ અને ફાયટોકેમિકલ મળે છે, જે કિડનીના સેલ્સમાં ઓક્સિડેટિવ સ્ટ્રેસ અને ઈંફલામેશન માટે જોખમથી બચાવે છે. આ ફ્રુટ કિડની ડિટોક્સમાં ખૂબ જ ઉપયોગ થવા લાગે છે. ન્યૂટ્રિશન જર્નલ અનુસાર રોજ ક્રેનબેરીઝનો જ્યૂસ પીવાથી યૂરેનરી ટ્રેક્ટ ઈંફેક્શન થતું નથી. હાઈડ્રેંજિયા ફૂલ હોય છે. આ એક ઔષધીય છોડ અને તેના ફૂલ અલગ અલગ રંગના હોય છે. એક સ્ટડી પરથી જાણવા મળ્યું છે કે, ત્રણ દર્દીઓને હાઈડ્રેંજિયાનો રસ આપવામાં આવતા તેમની કિડની ડેમેજ પ્રતિ સુરક્ષામાં ઘણી વૃદ્ધિ તઈ હતી. હાઈડ્રેંજિયામાં રહેલ એન્ટી ઓક્સિડેન્ટ્સના કારણે કિડની સ્વચ્છ રહે છે. કિડનીમાં કોઈ પ્રકારની સમસ્યા હોય તો થોડા દિવસ સુધી હાઈડ્રેંજિયાની ચા જરૂર પીવી જોઈએ, જે નેચરલ ક્લિન્ઝરનું કામ કરે છે. દાડમ-દાડમ શરીર માટે સંપૂર્ણ પોષક તત્વ આપવાનું કામ કરે છે. તે ન ફક્ત લિવર અને કિડની પણ આખા શરીર માટે ફાયદાકારક છે. દાડમમાં પર્યાપ્ત માત્રામાં પોટેશિયમ હોય છે, જે કિડની અને લિવરની સફાઈ કરે છે. દાડમ કિડનીમાં સ્ટોન થતાં બચાવે છે. સામ્બોંગ ફૂલોનો એક છોડ છે, જે એશિયાઈ દેશોમાં મળી આવે છે. જે મુખ્યરૂપે ભારત અને ફિલિપાઈન્સમાં મળી આવે છે.

# આવું પણ બને, ખેડૂત ઈન્ટરનેટથી શીખ્યો ખેતી

કોરોનાકાળ બાદ મુલદ ગામના ભુપેન્દ્રભાઈ વસાવાએ ખેતી કરવાની શરૂઆત કરી હતી. તેમણે ઓનલાઈન રીસર્ચ કરીને પોતાના ખેતરમાં ઓર્ગેનિક પદ્ધતિથી ડ્રેગન ફ્રુટની ખેતી કરી છે. જેનું તેઓ પોતાના ખેતર બહાર જ વેચાણ કરી સારી આવક મેળવી રહ્યાં છે. ઝઘડિયા તાલુકાના મુલદ ગામમાં રહેતા ખેડૂત ભુપેન્દ્ર શાંતિલાલ વસાવા છેલ્લા સાડા ત્રણ વર્ષથી ખેતી સાથે સંકળાયેલા છે. ખેડૂત ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વસાવાએ અભ્યાસમાં ડિપ્લોમા મિકેનિકલ એન્જિનિયરિંગ કર્યું છે. તેમણએ ભરૂચ કોર્ટમાં ચાર વર્ષ તથા થોડો સમય ઝઘડિયા રજીસ્ટ્રારમાં પણ નોકરી કરી હતી. ત્યારબાદ કોરોના સમયે ખેડૂત સંપૂર્ણપણે ખેતી જોડાઈ ગયા હતા. ખેડૂત ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વસાવાએ લોકડાઉનના સમયે ઓનલાઈન રિસર્ચ કરી ડ્રેગન ફ્રૂટની ખેતી કરવાનો વિચાર કર્યો. ડ્રેગન ફ્રુટએ ઓછા પાણીમાં થતા હોવાથી તેઓને આ ખેતી યોગ્ય લાગી. તો ત્રણથી ચાર ફાર્મમાં વિઝિટ પણ



કરી હતી. ત્યારબાદ ડ્રેગન ફ્રુટ વાવવા માટેના પોલ ગોંડલથી લાવ્યા હતા. ખેડૂત ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વસાવા ડ્રેગન ફ્રુટના રોપા કાઠીયાવાડથી લાવ્યા હતા. એક રોપાનો ભાવ ૫૫ રૂપિયા હતો. ખેડૂતે પોતાની ૧.૫ વિંઘા જમીનમાં ડ્રેગન ફ્રુટના ૯૦૦ પ્લાન્ટ વાવ્યા છે. ડ્રેગન ફ્રુટની વાત કરીએ તો તે ઠંડા વાતાવરણમાં વધુ પ્રમાણમાં થાય છે. ચોમાસામાં તેનું ઉત્પાદન વધુ જોવા મળે છે. ડ્રેગન ફ્રુટ વાવ્યા બાદ તે લાંબા સમય એટલે કે તેનો પાક ૨૦ થી ૨૫ વર્ષ સુધી ચાલે છે. ડ્રેગન ફ્રુટનું ફળ ૧.૫ વર્ષે આવે છે. ખેડૂત અને તેઓના પત્ની રીટાબહેન વસાવાએ લોકડાઉનના સમયે સંપૂર્ણપણે જાતે જ મહેનત કરીને ડ્રેગન ફ્રુટની ખેતી કરી છે.

# હાઇ બ્લડ પ્રેશરથી બચવા ખાઓ આ 3 ફ્રૂટ્સ, કોઇ દવા નહીં લેવી પડે


ખરાબ લાઈફ સ્ટાઈલની અસર હેલ્થ પર વધારે પડે છે. ખરાબ લાઈફ સ્ટાઈલને કારણે અનેક લોકોને હાઈ બ્લડ પ્રેશરની તકલીફ થતી હોય છે. આ સમસ્યાથી બચીને રહેવુ ખૂબ જરૂરી છે. ડોક્ટર પણ બ્લડ પ્રેશરથી બચવા માટેની સલાહ આપતા હોય છે. આજની આ ફાસ્ટ લાઈફમાં લોકો જાતજાતની બીમારીઓથી પીડાતા હોય છે. ભારતમાં હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓની સંખ્યામાં દિવસને દિવસે વધારો થતો જાય છે. હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો ખરાબ લાઈફ



સ્ટાઈલ આ પાછળ જવાબદાર હોય છે. સોલ્ટી ફૂડ્સમાં સોડિયમ કન્ટેન્ટ વધારે હોય છે જેના કારણે હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા થાય છે. આ સિવાય ઓઈલ ફ્રી પ્રોસેસ્ડનું વધારે સેવન કરવાથી ધમનીઓમાં કોલેસ્ટ્રોલ જમા થવા લાગે છે. આ કારણે બ્લોકેજ થઈ જાય છે અને



બ્લડ ફ્લોમાં તકલીફ થાય છે. એવામાં લોહીને હાર્ટ સુધી પહોંચવામાં દબાણ પડે છે જેને હાઈ બીપીની તકલીફથી ઓળખવામાં આવે છે. જ્યારે બ્લડ પ્રેશર વધી જાય ત્યારે હાર્ટને લગતી બીમારીઓ શરૂ થઈ જાય છે. આમાં હાર્ટ એટેક, હાર્ટ ફેલિયર, કોરોનરી આર્ટરી ડિસીઝ અને



ટ્રિપલ વેસલ ડિસીઝનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે જ્યારે તમે સ્ટ્રેસ તેમજ ટેન્શનમાં હોવ છો ત્યારે હાઈપરટેન્શનની ફરિયાદ રહેતી હોય છે. એવામાં ગુસ્સો પણ વધારે આવે છે. તો જાણો કયા ૩ ફ્રૂટ્સ ખાવાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે. હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓએ કેળા જરૂર ખાવા જોઈએ. આ એક કોમન ફ્રૂટ છે. મોટાભાગના લોકોને કેળા ખાવાનું ગમતુ હોય છે. કેળામાં પોટેશિયમની માત્રા ભરપૂર હોય છે જે હાઈપરટેન્શનની સમસ્યાને ઓછી કરી શકે છે. આમ, તમને હાઈ બીપીની તકલીફ છે તો તમે કેળા ખાવાનું શરૂ કરી દો. સામાન્ય રીતે સંતરા ઈમ્યુનિટી ઈમ્યુનિટી બુસ્ટ કરવા માટે ખાવામાં આવે છે, કારણકે સંતરામાં વિટામીન સીની માત્રા ભરપૂર હોય છે. પરંતુ સંતરા ખાટા ફળ હોવાથી સિટ્રસ એસિડ હોય છે જે બ્લડ પ્રેશરને વધતા રોકવાની તાકાત ધરાવે છે. સફરજન એક ફાયદાકારક ફ્રૂટ છે.

BOLLYWOOD NEWS FLASH

**કૃતિકા દેવે ૧૯ વર્ષની ઉંમરે અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો હતો, તેણે ઘણી મરાઠી અને બોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે**



## કૃતિકા દેવ તાલીમાં નિભાવ્યો યંગ ગૌરી સાવંતનો રોલ

। મુંબઈ, તા.૨૩ ।

અહીં અમે તમને કૃતિકા વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે તાલીમાં 'ગણેશ'નું પાત્ર ભજવે છે. સીરિઝમાં જોઈને તમને વિશ્વાસ નહીં થાય કે તે ૨૮ વર્ષની અભિનેત્રી છે. કૃતિકાએ ગણેશની ભૂમિકા ભજવીને તેના અભિનયથી લોકોને અભિભૂત કર્યા છે. કૃતિકા દેવે ૧૯ વર્ષની ઉંમરે અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. તેણે ઘણી મરાઠી અને બોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે. આ સિવાય તેણે ઘણી શ્રેણીઓમાં પણ કામ કર્યું છે. તાલીમાં તેનો લુક જોઈને તમે તેને ઓળખી નહીં શકો. કૃતિકા દેવનો જન્મ ૫ મે ૧૯૯૫ના રોજ નાસિક, મહારાષ્ટ્રમાં થયો હતો. કૃતિકાએ ૨૦૧૨ થી ૨૦૧૫ દરમિયાન પુણેની સર પરશુરામભાઈ કોલેજમાંથી મનોવિજ્ઞાનમાં સ્નાતક થયા છે. અભ્યાસ દરમિયાન જ તેણે થિયેટરમાં અભિનય શરૂ કર્યો. કૃતિકા દેવે વર્ષ ૨૦૧૪માં 'એલિસ ઈન હેપ્પી જર્ની'થી મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પગ મૂક્યો હતો. તેણે ૨૦૧૫માં 'પ્રાઈમ ટાઈમ' અને 'રજવાડે એન્ડ સન્સ'માં કામ કર્યું હતું. આ સિવાય વર્ષ ૨૦૧૮માં આવેલી માધુરી દીક્ષિતની પહેલી મરાઠી ફિલ્મ 'બકેટ લિસ્ટ' અન્ય ઘણી ફિલ્મોમાં કામ કરી ચૂકી છે. કૃતિકા દેવે વર્ષ ૨૦૧૫માં ફિલ્મ 'હવાઈઝાદા'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આમાં તેણે ચંપાનું પાત્ર ભજવ્યું હતું. તેણે અર્જુન કપૂર, કૃતિ સેનન અને સંજય દત્ત અભિનીત 'પાનીપત'માં રાધિકા બાઈની ભૂમિકા પણ ભજવી હતી. આ સિવાય તેણે 'યોલો - યુ ઓન્લી લાઈવ વન્સ', 'હોસ્ટેલ ડેઝ', 'ડેટ ગોન રોંગ', 'ઉન્નતિ', 'ઝૂમ', 'પ્લીઝ ફાઈન્ડ એટેચ' સહિતની ઘણી વેબ સિરીઝમાં પણ કામ કર્યું છે.

# વિજય દેવેરકોંડા મહિનામાં કમાય છે ૧ કરોડ, પ્રાઈવેટ જેટ-વોલીબોલ ટીમનો માલિક

। મુંબઈ, તા.૨૩ ।

જેમ જેમ વિજય દેવેરકોંડાની લોકપ્રિયતા વધી, તેણે હિલ એન્ટરટેઈનમેન્ટ સાથે ફિલ્મ નિર્માણમાં ઝંપલાવ્યું અને થોડા વર્ષો પહેલા અભિનેતાએ હૈદરાબાદના પોશ જ્યુબિલી હિલ્સ વિસ્તારમાં ૧૫ કરોડની કિંમતનો એક વિશાળ બંગલો ખરીદ્યો. યુવા શૈલીના આઈકોન હોવાના કારણે, વિજયે ૨૦૧૮ માં **Myntra** સાથે મળીને રાઉડી ક્લબ નામનું પોતાનું ફેશન લેબલ પણ લોન્ચ કર્યું. વર્ષોથી બ્રાન્ડે સફળતાપૂર્વક પોતાને ભારતમાં એથ્લેઝર વિયરમાં અગ્રણી બ્રાન્ડ્સમાંની એક તરીકે સ્થાપિત કરી છે. અભિનેતા પાસે ૫-સીટર ૪-સિલિન્ડર મર્સિડીઝ બેન્ઝ **GLC** (મર્સિડીઝ બેન્ઝ) છે, જેની કિંમત રૂ. ૬૮ લાખ છે અને વોલ્વો **XC90 SUV** છે, જેની



કિંમત રૂ. ૧.૩૧ કરોડ છે. તેની પાસે અન્ય લક્ઝુરિયસ કાર પણ છે, જેમાં લેન્ડ રોવર રેન્જ રોવર, ફોર્ડ મુસ્ટાંગ અને **BMW** ૫-સિરીઝનો સમાવેશ થાય છે. આટલું જ નહીં, વિજય દેવરકોંડા પાસે પોતાનું એક પ્રાઈવેટ જેટ પણ છે અને તે મોટાભાગે પરિવાર સાથે ચાર્ટર્ડ ફલાઈટમાં જોવા મળે છે. ગયા વર્ષે, અભિનેતા તેના પરિવાર સાથે વિમાનમાં તિરુપતિ ગયો હતો. આ વર્ષે, વિજય દેવેરકોંડા પણ સ્પોર્ટ્સપ્રેન્યોર બન્યો કારણ કે તે હૈદરાબાદ બ્લેકહોક્સ વોલીબોલ ટીમનો ૧૬૦ કરોડ રૂપિયાની જંગી રકમ સાથે સહ-માલિક બન્યો હતો. તેણે તેના ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી છે કે 'મેં એક જીવલેણ ટીમ હૈદરાબાદ બ્લેકહોકનો એક ભાગ ખરીદ્યો છે અને હું આ વિસ્ફોટક રમત - વોલીબોલનો ભાગ બનીને ખૂબ જ ખુશ છું.

# જેલર બની સાઉથની ૭મી ૫૦૦ કરોડની ફિલ્મ

। મુંબઈ, તા.૨૩ ।

રજનીકાંતની ફિલ્મ 'જેલર' ૧૦ ઓગસ્ટના રોજ રીલિઝ થઈ હતી. આ થલાઈવર ફિલ્મ નેલ્સન દિલીપકુમારે ડિરેક્ટ કરી છે. રિલીઝ પહેલા જ આ ફિલ્મનો ક્રેઝ હતો પરંતુ ખબર નહોતી કે આ ફિલ્મ ઓગસ્ટમાં કલેક્શનની સુનામી લાવશે. ફિલ્મે શરૂઆતના દિવસે ૯૫.૭૮ કરોડનો બિઝનેસ કર્યો હતો. રજનીકાંતની ફિલ્મે બીજા વિકેન્ડ પર ઘણી કમાણી કરી હતી, જેના કારણે ફિલ્મનો બિઝનેસ ૫૦૦ કરોડને પાર કરી ગયો હતો. આ ફિલ્મે માત્ર ભારતમાં ૧૦મા દિવસે ૩૮.૯૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. તે જ સમયે, ફિલ્મે ૧૧માં દિવસે ૧૯ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કર્યો હતો. હવે અઠવાડિયાના દિવસોમાં રજનીકાંતની



ફિલ્મનો ક્રેઝ થોડો ઓછો થયો છે. સોમવારના પ્રારંભિક આંકડાઓ અનુસાર, ફિલ્મે ૭ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. ટ્રેડ એનાલિસ્ટના મતે મંગળવારથી શુક્રવાર સુધી 'જેલર'ના કલેક્શનમાં થોડો ઘટાડો જોવા મળી શકે છે. તે જ સમયે, ત્રીજા શનિવાર અને રવિવારે, ફરી એકવાર ફિલ્મના કલેક્શનમાં તેજી જોવા મળી શકે છે. રાજકાંતની ફિલ્મના અત્યાર સુધીના કલેક્શનની વાત કરીએ તો ઓપનિંગ ૯૦ કરોડ પછી બીજા દિવસે ૫૬.૨૪, ત્રીજા દિવસે ૬૮.૫૧, ચોથા દિવસે ૮૨.૩૬, પાંચમા દિવસે ૪૯.૦૩, છઠ્ઠા દિવસે ૬૪.૨૭, સાતમા દિવસે ૩૪.૬૧, ૮મા અને ૯મા દિવસે ૧૦, ૧૧માં દિવસે ૧૯ કરોડોનો વેપાર કર્યો છે.

**બે દીકરીઓની જવાબદારી પોતાના માથે લીધી છે. આવી સ્થિતિમાં, દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે અભિનેત્રીએ હજી સુધી લગ્ન કેમ નથી કર્યા**

# અભિનેત્રી સુષ્મિતા સેને હજુ સુધી કેમ નથી કર્યા લગ્ન?

। મુંબઈ, તા.૨૩ ।

સુષ્મિતા સેન હાલમાં જ રિલીઝ થયેલી વેબ સિરીઝ તાલી માટે ઘણી પ્રશંસા મેળવી રહી છે. સિરીઝમાં અભિનેત્રીની એક્ટિંગને ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. સિરીઝમાં સુષ્મિતા ટ્રાન્સજેન્ડર એક્ટિવિસ્ટ શ્રીગૌરી સાવંતની ભૂમિકા ભજવતી જોવા મળે છે. સુષ્મિતા સેન બોલિવૂડની તે અભિનેત્રીઓમાંની એક છે જેમણે હજુ સુધી લગ્ન કર્યા નથી. અભિનેત્રી સિંગલ મધર હોવા છતાં, તેણે બે દીકરીઓને દત્તક લીધી છે જેની તે એકલા હાથે સંભાળ રાખે છે. આવી સ્થિતિમાં એક્ટ્રેસના ફેન્સ તેના લગ્નને



લઈને વારંવાર સવાલ ઉઠાવતા રહે છે. દરમિયાન, અભિનેત્રીએ પોતે જ ખુલાસો કર્યો છે કે તેણે હજુ સુધી લગ્ન કેમ નથી કર્યા. સુષ્મિતા સેને તેની પુત્રીઓ રેની અને અલીશાના લગ્ન અંગેના રિએક્શન વિશે ખુલાસો કર્યો અને જણાવ્યું કે જ્યારે તેમના મનમાં લગ્ન કરવાનો વિચાર આવ્યો ત્યારે તેમની દીકરીઓની પ્રતિક્રિયા કેવી હતી. પૂર્વ મિસ યુનિવર્સે પોતાની અંગત જિંદગી ક્યારેય કોઈથી છુપાવી નથી. એક્સ બોયફ્રેન્ડ રોહમન શૉલ સાથેના તેના સંબંધો વિશે બધા જાણે છે. આવી સ્થિતિમાં, અભિનેત્રીએ ખુલાસો કર્યો કે તે લગ્ન કરવા માંગે છે, પરંતુ તેની પુત્રીઓએ તેના વિચારને સંપૂર્ણપણે નકારી કાઢ્યો અને કહ્યું કે અમને કોઈ પિતાની જરૂર નથી. સુષ્મિતા સેને સિદ્ધાર્થ કન્નન સાથેની વાતચીતમાં આ વાતનો ખુલાસો કર્યો હતો. જ્યારે સુષ્મિતાને પૂછવામાં આવ્યું કે તેની દીકરીઓ ક્યારેય પિતાને મિસ કરતી નથી?

# એક ભૂલના કારણે માધુરી દિક્ષિતના હાથમાંથી નીકળી ગઇ સુપરહિટ ફિલ્મ

। મુંબઈ, તા.૨૩ ।

૯૦ના દશકમાં બોલિવૂડમાં રોમાન્સની એવી ક્રાંતિ આવી કે સતત એક પછી એક રોમેન્ટિક ફિલ્મોએ મહેફિલ લૂંટી લીધી હતી. સુંદર હિરોઈનનું દિલ જીતવાના પ્રયાસમાં લાગેલા હીરોની કેમેસ્ટ્રી લોકોને ખૂબ પસંદ આવતી હતી. આ જ કારણે છે કે આ દશકમાં સૌથી વધુ રોમેન્ટિક ફિલ્મો રિલીઝ થઈ છે. પરંતુ ૧૯૯૯માં રિલીઝ થયેલી ફિલ્મ 'હમ સાથ સાથ હૈ' તમામ ફિલ્મો પર ભારે પડી હતી. આ ફિલ્મમાં માધુરી દીક્ષિતને પણ કાસ્ટ કરવાની હતી. પરંતુ તેણે આ ફિલ્મમાં કામ કરવાથી ઈનકાર કરી દીધો



અને તેના હાથમાંથી એક મોટી ફિલ્મ સરકી ગઈ. સલમાન અને માધુરીએ વર્ષ ૧૯૯૧માં પહેલીવાર સાજન ફિલ્મમાં કામ કર્યુ હતું. આ ફિલ્મમાં બંનેની જોડીને ખૂબ જ પસંદ કરવામાં આવી હતી. માધુરી દીક્ષિત અને સલમાન ખાનની ફિલ્મ 'હમ આપકે હૈ કોન'એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી હતી. બંનેનો સ્ક્રીન પર રોમાન્સ જોઈને દર્શકો તાળીઓના ગડગડાટથી થિયેટર ગૂંજવતા હતાં. જો કે બંને 'હમ આપ કે હૈ કૌન' પહેલા ૧૯૯૩માં 'તેરા આશિક' ફિલ્મમાં પણ સાથે જોવા મળી ચુક્યાં છે. પછીથી સલમાન ખાન અને માધુરી દીક્ષિતે ફિલ્મ 'હમ આપ કે હૈ કૌન'માં પણ જોરદાર રોમાન્સ કર્યો. ફરી એકવાર આ જોડીએ રોમાન્સ કરીને દર્શકોની વાહવાહી લૂંટી. પરંતુ સૂરજ બડજાત્યાની ફિલ્મ 'હમ સાથ સાથ હૈ'માં માધુરી દીક્ષિતને સલમાન ખાનની ભાભીનો રોલ ઓફર કરવામાં આવ્યો હતો. આ રોલને પછીથી તબ્બુએ કર્યો હતો. આ રોલને જોઈને માધુરી દીક્ષિતે આખી ફિલ્મ જ ઠુકરાવી દીધી હતી. તેની પાછળ કારણ એ હતું કે ફિલ્મમાં સલમાન ખાને તેના ચરણ સ્પર્શ કરવાના હતાં. માધુરી દીક્ષિતને આ વાત પસંદ ન આવી. આ કારણે તેણે ફિલ્મ ઠુકરાવી દીધી હતી. આ વિશે માધુરી દીક્ષિતે પોતે ઘણીવાર વાત કરી છે. માધુરી દીક્ષિતે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું, 'હમ આપકે હૈ કૌન'ના ડાયરેક્ટર સૂરજ બડજાત્યા મને કાસ્ટ કરવા માગતા હતાં પરંતુ તે મૂંઝવણમાં હતાં કે હું કયો રોલ કરું.

# સરકારી તેમજ ખાનગી બ્લડ બેંક સાથે એમ.ઓ. યુ. માટે કલેકટરની અધ્યક્ષતા હેઠળ બેઠક યોજાઈ

## જરૂરિયાતના સમયે લોહી ન મળવાના કારણે માતૃ મરણ ન થાય તે મુખ્ય ઉદ્દેશ : કલેક્ટર



। વડોદરા, તા.૨૩ ।

જરૂરિયાતના સમયે દર્દીઓને બ્લડ મળે અને લોહી ન મળવાના કારણે મરણ ન થાય તે ઉદ્દેશથી બેંક કલેક્ટર શ્રી અતુલ ગોરની અધ્યક્ષતા હેઠળ સરકારી અને ખાનગી બ્લડ બેંક તેમજ હોસ્પિટલના પ્રતિનિધિઓની હાજરીમાં ધારાસભા હોલ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠક હેઠળ કલેકટર શ્રી અતુલ ગોરે સરકારી તેમજ ખાનગી બ્લડ બેંક એકબીજાના કાર્ડને સ્વીકારે તેમજ માન્યતા આપે તે જરૂરી જણાવ્યું હતું. વધુમાં તમામ બ્લડ બેંક વચ્ચે એમ.ઓ.યુ. થાય તેવું સુવ્યવસ્થિત આયોજન કરવા માટે સૂચનો આપ્યા હતા.

શ્રી ગોરે જણાવ્યું હતું કે અકસ્માતના, સર્જરી અથવા સગર્ભા સ્ત્રીના કિસ્સામાં બેંક વહેલી તકે બ્લડ મળે તેને પ્રાથમિકતા આપવામાં આવે અને દર્દીઓને હાલાકી ના પડે તે અંગે ગંભીરતા દાખવવામાં આવે. સામાન્ય રીતે બ્લડ બેંકમાંથી બ્લડ મેળવવા માટે બ્લડ આપવું જરૂરી હોય છે. સંવેદનશીલ પરિસ્થિતિમાં ડોનર રિપ્લેસમેન્ટ શક્ય ન હોય તો પણ તાત્કાલિક બ્લડ આપવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. બ્લડ બેંકના બ્લડ સ્ટોરેજ યુનિટમાં તમામ ગ્રુપના બ્લડ ઉપલબ્ધ થાય તે માટે વધુમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવે અને રક્તદાન જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે તે તથા સગર્ભા મહિલાઓને યોગ્ય સમયે બ્લડ મળે તે માટે સવિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક અંતર્ગત જમના બાઈ હોસ્પિટલમાં બ્લડ સ્ટોરેજ ક્ષમતામાં વધારો કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. વધુમાં એસ.એસ.જી. હોસ્પિટલના મોનીટરીંગ અંતર્ગત બ્લડ ડોનેશનમાં વધારો થાય તે માટે સુચારુ આયોજન થાય અને રેડ ક્રોસ સોસાયટી પણ સહભાગી થાય તેમ જરૂરી જણાવ્યું હતું.

સરકારી અધિકારી તેમજ ખાનગી સંસ્થાના બ્લડબેંક ચલાવતા મહાનુભાવોને કલેકટર શ્રીએ અનુરોધ કર્યો હતો કે સંસ્કારી નગરીમા કોઈ પણ દર્દી લોહીની અછતને લીધે જીવ ના ગુમાવે તે માટે જિલ્લાતંત્ર સજ્જ છ. આ યોજના થકી લોકોમાં બ્લડ ડોનેશન માટે લોકો જાગૃત બનશે તેમજ તેઓનો વિશ્વાસ દ્રઢ થશે એમ તેમણે ઉમેર્યુ હતું.

આ કાર્યક્રમમા અધિક નિવાસી કલેકટર, શ્રી ડી. ડી. ઓ, સી. ડી. એચ. ઓ., સરકારી તેમજ ખાનગી હોસ્પિટલના વડા, આરોગ્ય વિભાગના અધિકારીઓ અને સરકારી તેમજ ખાનગી બ્લડ બેંકના પ્રતિનિધિઓની ઉપસ્થિતીમાં યોજાયો હતો.

# ડાંગ જિલ્લામા જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ યોજાયો



। ડાંગ, તા.૨૩ ।

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ-ગાંધીનગર પ્રેરીત અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, ડાંગ સંચાલિત તથા ડાંગ સ્વરાજ આશ્રમના સહયોગથી ડાંગ જિલ્લાનો યુવા ઉત્સવ, ડાંગ સ્વરાજ આશ્રમ આહવા ખાતે યોજાયો હતો.

આ યુવા ઉત્સવમા કલા અને સાંસ્કૃતિક વિભાગની કુલ ૩૩ કૃતિઓની ૪૨ સ્પર્ધાઓ યોજવામા આવી હતી. યુવા ઉતસ્વમા ડાંગ જિલ્લા ૧૫ થી ૨૯ વર્ષના યુવાનોએ વિવિધ સ્પર્ધાઓમા ભાગ લીધો હતો. જેમા સરકારી શાળાના શિક્ષકોએ નિર્ણાયક તરીકેની સેવા પૂરી પાડી હતી. આ કાર્યક્રમ ડાંગ જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી વિજયભાઈ દેશમુખ, ડાંગ સ્વરાજ આશ્રમના ટ્રસ્ટી શ્રી વનરાજભાઈ નાયક તથા આનંદ આશ્રમ, ડાંગના યોગી શ્રી અરુણાનંદ મુનિ, શ્રી જીગર પટેલ, શ્રી સરજુ ભગત ઉપસ્થિતિ રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી દત્તાત્રેય મોરેએ કર્યું હતુ. એંકરિંગ શ્રીમતી યોગીતા પટેલ તેમજ આભારવિધિ પ્રાંત યુવા વિકાસ અધિકારી શ્રી વિરલ ચૌધરીએ કરી હતી.



પંકજ પંડિત ઝાલોદ

૨૩ ઓગસ્ટ બુધવારના રોજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ ઉદયકુમાર ટીલાવત સાહેબ દ્વારા મમતા દિવસ ચાંદરી ફળિયુંની મુલાકાત લીધી. મુલાકાત અંતર્ગત ત્યાં હાજર સગર્ભા/ધાત્રી (જોખમી/બિનજોખમી) માતાઓની તપાસ કરી, તેમને સ્તનપાનનું મહત્વ સમજાવીને સ્તનપાનની સાચી પદ્ધતિ શીખવી, સગર્ભા અવસ્થા દરમિયાન મળતા લાભો જેવા કે PMMVY/JSY/KPSY PMJAY વિશે માહિતગાર કર્યા, સગર્ભા/ધાત્રી/બાળકોને IFA Tab./Syp. પીવડાવવામાં આવી, SAM Screening અને RIની Real Time TeCHO Entryની ખાતરી કરીવા માં આવ્યું.

# ભરૂચ ખાતે વિવિધ મંદિરોમાં શીતળા સાતમની પૂજાઅર્ચના કરવામાં આવી

। કેતન મહેતા ભરૂચ, તા.૨૩ ।

હિંદુ ધર્મના તમામ ગ્રંથોમાંથી સ્કંદ પુરાણમાં શીતળા સાતમના મહત્વનું વર્ણન જોવા મળે છે.તેમાં જણાવ્યા મુજબ, શીતળા માતાનું આ સ્વરૂપ સૌથી ઠંડુ માનવામાં આવે છે. તેમની પૂજા કરવાથી તમામ પ્રકારના રોગોથી મુક્તિ મળે છે અને સુંદર શરીર મળે છે. એવું પણ માનવામાં આવે છે કે જે વ્યક્તિ શીતળા સાતમના દિવસે શીતળા માતાની પૂજા કરે છે તેના સમગ્ર પરિવારના રોગો શીતળા માતાની કૃપાથી નાશ પામે છે. કહેવાય છે કે ઈચ્છા ગમે તેટલી મુશ્કેલ હોય પરંતુ સાચા મનથી ઈશ્વરની પૂજા કરવામાં આવે તો તે અવશ્ય પૂર્ણ થાય છે. શીતળા માતાના હાથમાં સાવરણી, કળશ, સૂપડું અને લીમડાના પાંદડા જોવા મળે છે, અને તેઓ ગધેડા પર સવારી કરે છે. તેમના સારા સ્વભાવના કારણે તેઓ શીતળા માતા તરીકે ઓળખાય છે.

શાસ્ત્રો અનુસાર, શીતળા માતાની પૂજા કરવાથી આધ્યાત્મિક શક્તિની સાથે હવામાનના કારણે શરીરમાં થતા રોગો અને વિકારો પણ શીતળા માતાની પૂજાથી દૂર થાય છે. શીતળતા પ્રદાન કરતી માતા શીતળા પર્યાવરણને સ્વચ્છ રાખવાની પ્રેરણા આપે છે. એવું કહેવાય છે કે શીતળા માતાનું આ વ્રત સંક્રમણના રોગોથી મુક્તિ અપાવે છે. શીતળા માતાના સ્વરૂપમાંથી આપણને સ્વાસ્થ્ય સંબંધિત વિશેષ સંદેશ મળે છે. શીતળા માતાના હાથમાં લીમડાના પાન, સાવરણી, સૂપડું અને કળશ, જે



સ્વચ્છતા અને સમૃદ્ધિના સૂચક માનવામાં આવે છે.તેથી ત્યાં તેમને વાસી અને ખાદ્યપદાર્થો આપવામાં આવે છે, જેને બાસોડા કહેવામાં આવે છે.તેથી ત્યાં તેમને ચાંદીના ચોરસનો ટુકડો દેવા આવે છે જેના પર તેમનું ચિત્ર બનાવવામાં આવે છે.સામાન્ય રીતે ઉનાળા અને વસંતઋતુમાં શીતળા માતાની પૂજા કરવામાં આવે છે. કહેવાય છે કે આ ઋતુઓમાં રોગોના સંક્રમણની શક્યતાઓ વધુ રહે છે.ધાર્મિક સ્વરૂપની સાથે સાથે શીતળા માતાના આ તહેવારનું વૈજ્ઞાનિક મહત્વ પણ વધુ છે. એવું કહેવાય છે કે હકીકતમાં આ એક વૈજ્ઞાનિક તહેવાર છે. આ દિવસથી ઉનાળાની વિધિવત શરૂઆત થાય છે. આ તહેવાર સૂચવે છે કે આ દિવસથી વાસી ખોરાક ન લેવો જોઈએ. ગરમ પાણીથી સ્નાન ન કરો. ઠંડો ખોરાક લેવો જોઈએ. આની પાછળનો મતલબ એ છે કે આ તહેવાર આધ્યાત્મિક અને વૈજ્ઞાનિકની સાથે અનેક પ્રકારના સંદેશ પણ આપે છે.

# ઝાલોદ તાલુકાના કંબોઈ ગુરૂગોવિંદધામ ખાતે દાહોદ ડી.પી.ઓની અધ્યક્ષતામાં શૈક્ષણિક અને વહીવટી ચિંતનની બેઠક યોજવામાં આવી



। ઝાલોદ, તા.૨૩ ।

તારીખ ૨૨-૦૮-૨૦૨૩ ના રોજ ઝાલોદ તાલુકામાં ડી.પી.ઈ.ઓ.દાહોદ મુનિયા નિલેશકુમાર ડી.ની અધ્યક્ષતામાં શૈક્ષણિક અને વહિવટી ચિતંન બેઠક ગુરુગોવિંદ ધામ કંબોઇ ખાતે યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરતાન કટારા પણ ઉપસ્થિત રહયાં હતા. ટી.પી.ઈ.ઓ. ચેતનાબેન પરમાર દ્ધારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું અને તાલુકાના બન્ને સંઘોની વિશેષ ઉપસ્થિતી હતી. ઝાલોદ તાલુકાની ૨૬૨ પ્રાથિમક શાળાઓના આચાર્યને ડી.પી.ઈ.ઓ સાહેબ દ્ધારા સૂચારુ શૈક્ષણિક આયોજન થાય તેમજ દફતરી કામ અને વહિવટી કામ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ઝાલોદ તાલુકાને શૈક્ષણિક દ્રષ્ટિએ અગ્રેસર બનાવવા આહવાન કરવામાં આવ્યું હતું. બી.આર.સી.કો.ઓર્ડિનેટર કલ્પેશકુમાર મુનિયા દ્ધારા આભાર વિધિ કરવામાં આવી.

# મઘાનીસર પ્રાથમિક શાળામાં ૨૩૩ વિદ્યાર્થીઓને યુનિફોર્મ આપવામાં આવ્યા

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૩ ।

મઘાનીસર મુખ્ય પ્રાથમિક શાળા, મઘાનીસર અને જય દશામાં વિદ્યામંદિર, ઝાલોદની શાળાઓમાં દાહોદ જિલ્લાનાં લોકપ્રિય સાંસદ જસવંતસિંહ ભાભોરનાં જન્મદિનની અનોખી રીતે ઊજવણી કરવામાં આવી.જેમાં મઘાનીસર મુખ્ય પ્રાથમિક શાળાનાં ૧૦૦ વિદ્યાર્થિનીઓ (કન્યા) અને ૧૩૩ વિદ્યાર્થીઓ (કુમાર) કુલ ૨૩૩ વિદ્યાર્થિનઓને યુનિફોર્મ મુકેશ સમસુ ડામોર પૂર્વ પ્રમુખ, ભાજપ ઝાલોદ તાલુકા અને સુમનબેન મુકેશ ડામોર સભ્યશ્રી, ૧૪-ગામડી જિલ્લા પંચાયત દ્વારા વિતરણ કરવામાં આવ્યા.



અંતમા બન્ને શાળાઓમાં કેક કાપી અને ચોકલેટ વિતરણ કરી વિદ્યાર્થીઓનું મો મીઠુ કરાવવામાં આવ્યું. અને સાહેબનાં દીર્ઘાયુષ્ય અને સુસ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી.

# કતારગામ ખાતે રાખડીઓના પ્રદર્શન અને વેચાણ હેતુ માટે આયોજિત 'રાખી મેલા- ૨૦૨૩'ને મેયર હેમાલી બોઘાવાલાએ ખુલ્લો મૂક્યો

। સુરત, તા.૨૩ ।

સુરત મહાનગરપાલિકા દ્વારા ગૃહ ઉદ્યોગ સાથે સંકળાયેલી મહિલાઓને મહિલાઓને સ્વરોજગારીની તકો પૂરી પાડવા અને આર્થિક સશક્તિકરણ માટે દીનદયાળ અંત્યોદય મિશન અને શહેરી આજીવિકા મિશન અંતર્ગત કતારગામ સિંગણપોર મલ્ટીપર્પઝ હોલના પાર્કિંગમાં રાખડીઓના પ્રદર્શન અને વેચાણ માટે આયોજિત 'રાખી મેલા- ૨૦૨૩'ને મેયર હેમાલીબેન બોઘાવાલાએ ખૂલ્લો મૂક્યો હતો. જેમાં શહેરના વિવિધ સખી મંડળો દ્વારા તૈયાર કરાયેલી રાખડીઓ ઉપરાંત રક્ષાબંધન તહેવારને લગતી ચીજવસ્તુઓના ૧૮ સ્ટોલ ઊભા કરાયા છે. મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મેયર અને



મ્યુ.કમિશનરશ્રીએ રાખડીઓના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. તેમણે સખીમંડળની બહેનો સાથે વાર્તાલાપ કરી પ્રોત્સાહિત કરી હતી. સુરતના ૧૦ ઝોનમાં ૩૦ ઓગસ્ટ સુધી રાખી મેળાઓનું આયોજન કરાયું છે. જેમાં અઠવા ઝોનમાં કારગીલ ચોક, પીપલોદ ખાતે લેક વ્યુ ગાર્ડનની ફૂટપાથ પાસે અને ઓલપાડી મહોલ્લો, ઘોડદોડ રોડ પર નીરજ એપાર્ટમેન્ટ સામે, લીંબાયતમાં માધવબાગ સામે, પરવત પાટીયા અને મોડેલ ટાઉન શાકભાજી માર્કેટ પાસે ખુલ્લા પ્લોટમાં, રાંદેરમાં જોગાણીનગર પાર્ટી પ્લોટના પાર્કિંગમાં, વરાછા ઝોન-એમાં બરોડા પ્રિસ્ટેજ શાક માર્કેટ મેઈન રોડ, વરાછા ઝોન-બીમાં નાના વરાછા ઢાળ, નાના વરાછા આરોગ્ય કેન્દ્રની સામે, સેન્ટ્રલ ઝોનમાં લાલ દરવાજા બ્રિજ નીચે, ખોડીયાર માતાના મંદિર સામે અને ઉધના ઝોન-એમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાની દીવાલ પાસે, અર્બન હેલ્થ સેન્ટરની બાજુમાં રક્ષાબંધન પર્વ સબંધિત ચીજ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ માટેના સ્ટોલ ઊભા કરાયા છે.

# તેજસ્વિની સંસ્કૃતિ ધામ-વાસુરણા તથા લાયન્સ કલબ-ચીખલી દ્વારા હાથ ધરાઈ સેવાકિય પ્રવૃત્તિ

। સુરત, તા.૨૩ ।

દંડકારણ્યની પાવન ભૂમિ ઉપર સેવાની ધૂણી ધખાવી, જરૂરિયાતમંદો સુધી વિવિધ સાધન સહાય પહોંચાડતા, વાસુરણાના તેજસ્વિની સંસ્કૃતિ ધામ દ્વારા, લાયન્સ કલબ-ચીખલીના સહયોગથી તાજેતરમાં 'મેગા સેવા પ્રોજેકટ' યોજાઈ ગયો. સંસ્થાપક સુશ્રી હેતલ દીદી તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર આ સેવાયજ્ઞ દરમિયાન વાસુરણા સહિત આસપાસના આઠ ગામોના સર્વે આધારિત પસંદ કરાયેલા ૧૦૮ જેટલા અશક્ત વૃદ્ધ વડીલો, વિધુર અને વિધવા, તથા દિવ્યાંગ વ્યક્તિઓને અનાજની કીટ તથા છત્રીનું વિતરણ કરાયું હતું. પ્રોજેકટ ચેરમેનશ્રી લા.ડો. શરદભાઈ પટેલ-ચીખલીના માર્ગદર્શન હેઠળ, દાતાઓના સહયોગથી વાસુરણા ખાતે આયોજિત આ 'મેગા સેવા પ્રોજેકટ' દરમિયાન ભદરપાડા શાળાના વિદ્યાર્થીઓ માટે ૮૦૦ જેટલી નોટબુક પણ શાળાના પ્રિન્સિપાલશ્રી ડો.કિશોરભાઈ પટેલને અર્પણ કરવામાં આવી હતી. સુશ્રી હેતલ દીદીના



સાન્નિધ્યમાં યોજાયેલા આ સેવાકાર્યમાં મુખ્ય મહેમાન તરીકે ડિસ્ટ્રિક્ટ ગવર્નર લા. શ્રી દિપકભાઇ પખાલે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે સર્વશ્રી લા.પરેશભાઇ પટેલ, લા.ભરતભાઇ પટેલ (રિજયન ચેરમેન), લા.મોનાબેન દેસાઇ (2nd વા.ડિ. ગર્વનર), લા.નેહાબેન દેસાઇ (ઝોન ચેરમેન- ZII), લા,પ્રિયંકા જૈન (ઝોન ચેરમેન-૨૧), લા.નિશી અગ્રવાલ (GST કો.ઓર્ડીનેટર) સહિતના સેવાભાવી સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવાની પુરી શક્યતા છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો-આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે-તમને પાળવામાં મુશ્કેલી પડે તેવા વચનો આપતા નહીં. સાવચેતી રાખો-કામના સ્થળે લોકો સાથે કામ લેતી વખતે હોંશિયારી અને ધીરજ રાખજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી. આપણે જે બાબતને બદલી નથી શકવાના તેને તે જેમ છે તેમ જ સ્વીકારવી એ જ જીવનની મહાન બાબત છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રૉમેન્ટિક દિવસ બગાડી નાખશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા પરિવારના સભ્યો કહે ચે એ દરેક બાબત સાતે તમે કદાચ સહમત નહીં થાવ-પણ તમારે તમના અનુભવોમાંથી શીખવાનો પ્રયાસ કરવો જોઈએ. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવાની શક્યતા છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

## ગુજરાત સાયન્સ સિટીમાં ચંદ્રયાન-૩ ના લેન્ડિંગ નિમિત્તે ઉજવણી કરવામાં આવી



ભારતનું મહત્વાકાંક્ષી મિશન ચંદ્રયાન-૩ ઈસરો દ્વારા ૧૪ જુલાઈએ લોન્ચ કરવામાં આવ્યું હતું. ચંદ્ર પર ચંદ્રયાન-૩ ના લેન્ડિંગ નિમિત્તે સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવી. ત્યારે ગુજરાત સાયન્સ સિટીમાં પણ આ ઐતિહાસિક ઘટનાની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સાયન્સ સિટી અને એસ્ટ્રોનોમી ક્લબના સંયુક્ત ઉપક્રમે સાયન્સ સિટીમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રાજ્યના અલગ અલગ જિલ્લાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીના એમ્ફીથિયેટરમાં ચંદ્રયાન-૩ ના સફળ લેન્ડિંગ માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ સાયન્સ સિટીના ઓડિટોરીયમ ખાતે વોટર રોકેટ વર્કશોપ યોજાયો. જેમાં રાજ્યના અલગ અલગ જિલ્લાના આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં એસ્ટ્રોનોમી ક્લબ અને સાયન્સ સિટીના નિષ્ણાતો દ્વારા વોટર રોકેટ કેવી રીતે બનાવવું, કઈ સામગ્રીનો ઉપયોગ કરવો તે વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. ત્યારબાદ દરેક વિદ્યાર્થીઓએ પ્રેક્ટિકલ પોતાના અલગ અલગ વોટર રોકેટ બનાવ્યા હતા. અને પોતે બનાવેલા વોટર રોકેટનું લોન્ચિંગ પણ કર્યું હતુ. આ વર્કશોપનો હેતુ બાળકોમાં રોકેટ સાયન્સ પ્રત્યે રૂચિ વધારવાનો હતો.

# પંચકૃતિ - ફાઇવ એલિમેન્ટ્સની સ્ટારકાસ્ટે અમદાવાદમાં ફિલ્મનું પ્રમોશન કર્યું હતું

### બ્રિજેન્દ કાલા નિર્માતા-નિર્દેશક સંજય ભાર્ગવ, નિર્માતા-લેખક હરિપ્રિયા ભાર્ગવ ફિલ્મ પંચકૃતિ - ફાઇવ એલિમેન્ટ્સ માટે ફિલ્મની સ્ટાર કાસ્ટ સાથે અમદાવાદ પહોંચ્યા હતા

। અમદાવાદ, તા.૨૩ ।

સ્ત્રી ભ્રૂણ હત્યા, મહિલા સશક્તિકરણ, અંધશ્રદ્ધા નાબૂદી પર આધારિત ફિલ્મ 'પંચ કૃતિ ફાઈવ એલિમેન્ટ્સ' આ શુક્રવારે સિનેમા હોલમાં રિલીઝ થવા જઈ રહી છે. સ્ટાર કાસ્ટ બ્રિજેન્દ કાલા નિર્માતા નિર્દેશક સંજય ભાર્ગવ, નિર્માતા-લેખક હરિપ્રિયા ભાર્ગવ, પૂર્વા પરાગ, ટીવી કલાકારો સાગર વાહી, સારિકા બહરોલિયા ફિલ્મના પ્રમોશન માટે રાજધાની અમદાવાદ પહોંચ્યા હતા. ટ્રેલર રિલીઝ થયું ત્યારથી જ મીડિયામાં હેડલાઈન્સ બની રહ્યું છે, ટ્રેલરમાં ફિલ્મના ડાયલોગ્સ અને કોન્સેપ્ટને સમગ્ર ઈન્ટરનેટ પર દર્શકો તરફથી ભારે પ્રતિસાદ મળી રહ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીના શ્યામા પ્રસાદ ઓડિટોરિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં ફિલ્મની સ્ટાર કાસ્ટએ વિદ્યાર્થીઓમાં ફિલ્મનો પ્રચાર કર્યો હતો અને મીડિયાને પણ સંબોધિત કર્યા હતા.ભારતના ગામડાઓ અને નાના શહેરોની વાર્તાઓ પર ઘણી ફિલ્મો બની છે. પરંતુ આમાંથી કેટલીક ફિલ્મોએ ગ્રામીણ ભારતને યોગ્ય રીતે દર્શાવ્યું છે. 'પંચકૃતિ - ફાઈવ એલિમેન્ટ્સ' બુંદેલખંડના ચંદેરી શહેરમાં સેટ કરેલી પાંચ વાર્તાઓ પર આધારિત છે.ફિલ્મની વિશેષતા એ છે કે તેનું શૂટિંગ કોઈ સેટ પર નહીં પણ બુંદેલખંડના



જુદા જુદા ભાગોમાં કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં બ્રિજેન્દ્ર કાલા, ઉમેશ બાજપાઈ, સાગર વાહી, પૂર્વા પરાગ, મણિ સોની અને રવિ ચૌહાણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ મહિલા સશક્તિકરણ, સ્વચ્છતા, અંધશ્રદ્ધા, ભૂત, સ્ત્રી ભ્રૂણહત્યા જેવી અનેક ગંભીર સામાજિક સમસ્યાઓ વિશે વાત કરે છે.

અભિનેતા બ્રિજેન્દ કલાએ કહ્યું, ''આજે હું આ સભાગૃહમાં વાઈસ ચાન્સેલર મેડમ સાથે બેસીને કહેવા માંગુ છું કે હું ખોપરીમાં પંડિતની ભૂમિકા ભજવી રહ્યો છું, જે પંચકૃતિની પાંચ અલગ અલગ સુંદર વાર્તાઓમાંની એક છે - પાંચ તત્વો. તે ખૂબ જ સુંદર છે. રસપ્રદ પાત્ર.'' મહત્વપૂર્ણ સામાજિક સંદેશાઓ પણ ખૂબ જ મનોરંજક રીતે પહોંચાડે છે. ફિલ્મના લેખક અને નિર્માતા હરિપ્રિયા ભાર્ગવ કહે છે, ''ફિલ્મની પાંચ અલગ-અલગ વાર્તાઓ દર્શકોને ચંદેરીના વિવિધ સ્વરૂપોથી ઉજાગર કરશે. અમારી ફિલ્મ ગ્રામીણ ભારતના વિવિધ પાસાઓને ઉજાગર કરે છે. આ નાના શહેરમાં કરવા માટે ઘણી અનોખી વસ્તુઓ છે. જે એકવાર ચંદેરીની મુલાકાત લે છે તે તેને ક્યારેય ભૂલી શકતો નથી. અમને વિશ્વાસ છે કે ફિલ્મના માધ્યમથી અમે મનોરંજનની સાથે સાથે શક્તિની સાથે અનેક સામાજિક વિષયોને દર્શકો સમક્ષ રાખીશું.

દિગ્દર્શક સંજય ભાર્ગવે કહ્યું, ''ફિલ્મ વાસ્તવિક લોકેશન પર શૂટ કરવામાં આવી છે. ફિલ્મનું લોકેશન ફિલ્મની વાર્તાને પડદા પર અસરકારક રીતે રજૂ કરે છે. સેટ પર બનેલી ફિલ્મો ક્યારેય 'રિયલ' લાગતી નથી. તમે ગમે તેટલો પ્રયાસ કરો.'' વાસ્તવિક સ્થાન લો. પરંતુ તમે તેને સેટ પર ફરીથી બનાવી શકતા નથી.

## ગોવા ટુરિઝમએ ગાંધીનગરમાં આયોજિત ત્રિ-દિવસીય ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર ૨૦૨૩માં ભાગ લઈને નવીન ટુરિઝમ પ્રોડક્ટનું પ્રદર્શન કર્યું

ગોવા ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન(ગોવા ટુરિઝમ) ગાંધીનગરમાં આયોજિત ત્રિ-દિવસી ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ ફેર(ટીટીએફ) - ૨૦૨૩માં ભાગ લીધો હતો. જે ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર ખાતે ૨૩ થી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ દરમ્યાન આયોજિત થયો હતો. આ ગુજરાત તથા દેશના પ્રમુખ ટ્રાવેલ ટ્રેડ ફેરમાંથી એક છે. ટીટીએફ એ સેક્ટરમાં શક્યતાઓને આગળ વધારવા માટે નોંધપાત્ર બીરબી સંપર્કો બનાવીને પ્રવાસ-સંબંધિત આંતરદષ્ટિ અને તકો શેર કરવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પ્રદાન કરે છે. ગોવા ટૂરિઝમ દ્વારા ટીટીએફ ૨૦૨૩માં ટુરિઝમની વિવિધ પ્રોડક્ટ રજુ કરી હતી અને વિવિધ પ્રવાસન સ્થળો તથા ગોવા ટુરિઝમ દ્વારા અગામી સમયમાં આયોજિત થનાર મેગા ઈવેન્ટોની માહિતી શેર કરી હતી.

ગોવા ટુરિઝમ ના ઓફિશિયલ એ જણાવ્યુ હતું, ટીટીએફ એ ભારતમાં



આયોજિત થનાર ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર પૈકીના સૌથા મોટા ઈવેન્ટમાંથી એક છે, જ્યાં અમે ગોવાની વિવિધ ટુરિઝમ ઉત્પાદનો તથા પ્રવાસન સ્થળો અને ગોવા ટુરિઝમ દ્વારા આયોજિત મેગા ઈવેન્ટોની માહિતી રાજ્ય તથા દેશના વિવિધ પ્રવાસ ઉત્સાહીઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો, સ્થાનિક બજેટ પ્રવાસીઓ અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આપી હતી. આવા મેગા ઈવેન્ટોમાં ગોવા ટુરિઝમએ રાજ્યના દરિયાકિનારા, ક્રૂઝ ટુરિઝમ, વોટર સ્પોર્ટ્સ, એડવેન્ચર ટુરિઝમ, ધાર્મિક પર્યટન, સાંસ્કૃતિ વારસા અને વેલનેસ ટુરિઝમ ડેસ્ટિનેશન્સથી માંડીને ગોવાના મોહક પ્રવાસ સ્થળોનું પ્રદર્શન કરી શકશે.

### બેંગલુરૂથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા

# એન્જિનિયરિંગના છાત્રનું એમેઝોન સાથે ૨૦ લાખનું રિફંડ કૌભાંડ

### પોલીસે આ કૌભાંડના સંબંધમાં ઉત્તર બેંગલુરુમાં રહેતા એન્જિનિયરિંગના વિદ્યાર્થી ચિરાગ ગુપ્તાની ધરપકડ કરી

। બેંગલુરૂ, તા.૨૩ ।

બેંગ્લુરુથી એક ચોંકાવનારી ખબર સામે આવી છે. માત્ર ૨૨ વર્ષીય એન્જિનિયરિંગ વિદ્યાર્થીએ (બેંગલુરુ બોય એમેઝોન કૌભાંડ) એ એમેઝૉન (બેંગલુરું એમેઝૉન ફેફંડ કૌભાંડ) સાથે ૨૦ લાખ રૂપિયાનું રિફંડ કૌભાંડ કર્યુ હતું. તેને આઈફોન્સઅને મેકબુક્સજેવા મોંઘા ગેજેટ્સનું નકલી રિફંડ મેળવ્યું હતું, અને રિફંડ મેળવવામાં પણ તે સફળ રહ્યું હતું.

પોલીસે આ કૌભાંડના સંબંધમાં ઉત્તર બેંગલુરુમાં રહેતા એન્જિનિયરિંગના વિદ્યાર્થી ચિરાગ ગુપ્તાની ધરપકડ કરી છે. છેતરપિંડીના આ કિસ્સાએ કંપનીને ચોંકાવી દીધી હતી.

સમાચાર અનુસાર, ગુપ્તાએ એક મિત્રની મદદથી ૧૬ આઈફોન્સઅને ૨ મેકબુકના નકલી રિટર્ન બનાવ્યા, જ્યાં તે બેકએન્ડ સિસ્ટમ (એમેઝોન રિફંડ સ્કેમ) સાથે છેડછાડ કરીને એવું દેખાડશે કે વસ્તુ પરત કરવામાં આવી છે. ૧.૨૭ લાખ રૂપિયામાં આઈફોન ૧૪ પ્રો મેક્સ ૧૫ મેના રોજ, આઈફોન ૧૪ ની કિંમત ૧૬ મેના




રોજ ૮૪,૯૯૯ રૂપિયા અને આઈફોન ૧૪ના બે મૉડલની કિંમત ૧૭ મેના રોજ ૯૦,૯૯૯ અને ૮૪,૯૯૯ રૂપિયા હતી, ઈન્ડિયન એક્સપ્રેસે અહેવાલ આપ્યો હતો. આ તમામ ગેજેટ્સનું પેમેન્ટ ક્રેડિટ કાર્ડ અને યુપીઆઈદ્વારા કરવામાં આવ્યું હતું. આરોપીઓએ આ તમામ વસ્તુઓમાંથી અમેઝૉન સાથે ૩.૪૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

સમાચાર અનુસાર, અમેઝૉનને ગુપ્તાની શૉપિંગ આદતો પર ત્યારે જ શંકા થઈ જ્યારે તેમને ખબર પડી કે આ સામાન વાસ્તવમાં રિફંડ કરવામાં આવ્યો નથી. આ આઈટમ્સ એ જ સરનામેથી ખરીદવામાં આવી હતી, અને પાછી આપેલી તરીકે ચિહ્નિત કરવામાં આવી હતી, જોકે, તેઓએ તેને ક્યારેય ઈન્વેન્ટરીમાં બનાવી નથી. ત્યારે જ એક એક્ઝિક્યૂટિવને ગુપ્તાને મળવા અને પૂછવા માટે મોકલવામાં આવ્યો કે તેણે તે બધા ઉપકરણો કેમ પરત કર્યા. આ માટે ગુપ્તાએ કહ્યું કે ઉપકરણો બરાબર કામ કરી રહ્યા હતા, પરંતુ મધ્યપ્રદેશના તેમના એક મિત્રએ તેમને કહ્યું હતું કે તેમની પાસે સામાન પરત કર્યા વિના રિફંડ મેળવવાનો માર્ગ છે.

પોલીસે આ એન્જિનિયરિંગના વિદ્યાર્થી ચિરાગ ગુપ્તા પાસેથી ૨૦.૩૪ લાખ રૂપિયાના ગેજેટ્સ જપ્ત કર્યા હતા અને આરોપીઓ સાથે જોડાયેલા અનેક બેંક ખાતાઓમાં ૩૦ લાખ રૂપિયા ફ્રીઝ કરી દીધા હતા. નોંધનીય છે કે આ કૌભાંડનો મુખ્ય આરોપી (બેંગલુરુ અમેઝૉન ફીફંડ કૌભાંડ) એ અમેઝૉનનો ભૂતપૂર્વ કર્મચારી છે જેણે સિસ્ટમના બેકએન્ડમાં છેડછાડ કરી હતી. ગુપ્તા અને તેના મિત્રો ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન દ્વારા આ માલ વેચતા હોવાનું જાણવા મળ્યું હતું. ગુપ્તા દરેક વસ્તુ પર મળતા નફામાંથી કમિશન મેળવતા હતા.

### દેશમાં ડુંગળીના ભાવમાં વધારો થઈ રહ્યો છે

# મોદી સરકારના નિર્ણયથી ડુંગળી પકવતા ખેડૂતોને ફાયદો થશે

### હાલમાં ડુંગળીની નિકાસની ફ્રી ઓન બોર્ડ કિંમતો પ્રતિ ટન $320 છે, જે ભારતીય રૂપિયાના સંદર્ભમાં ૧૮-૨૦ રૂપિયા પ્રતિ કિલો છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

ટામેટા બાદ સરકાર દેશમાં ડુંગળીના ભાવ સ્થિર રાખવા માટે સતત પ્રયાસો કરી રહી છે. સરકારે ઘણી જગ્યાએ ૨૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ડુંગળી વેચવાની વ્યવસ્થા કરી છે. હવે સરકારે કહ્યું છે કે ખેડૂતો પાસેથી ઊંચા દરે ડુંગળી ખરીદવામાં આવશે. જેનો સીધો ફાયદો ખેડૂતોને થશે. સરકને મંગળવારે ૨૪૧૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે ડુંગળી ખરીદવાનું વચન આપ્યું હતું, જે વર્તમાન બજાર કિંમત ૨૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરતાં વધુ છે. સરકારે શાકભાજી પરના ૪૦ ટકા નિકાસ કરથી પ્રભાવિત ખેડૂતોને મદદ કરવાની માંગ કરી હતી, જેના કારણે ડુંગળીના ખેડૂતો અને વેપારીઓનું માનવું છે કે આ પગલાથી બજારમાં કોઈ ખાસ અસર નહીં થાય. ખાદ્ય અને ગ્રાહક બાબતોના પ્રધાન પિયુષ ગોયલે જણાવ્યું હતું કે નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ખેડૂતોની સહકારી સંસ્થા ન્નફ્કકીદ્ધ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ખેડૂતો પાસેથી આગામી થોડા અઠવાડિયામાં વધારાની ૦.૨ મિલિયન ટન ડુંગળી ખરીદશે. પિયુષ ગોયલે જણાવ્યું હતું કે હાલમાં ડુંગળીની



નિકાસની ફ્રી ઓન બોર્ડ (એફઓબી) કિંમતો પ્રતિ ટન ઈ૩૨૦ છે, જે ભારતીય રૂપિયાના સંદર્ભમાં ૧૮-૨૦ રૂપિયા પ્રતિ કિલો છે. જે ભાવે એજન્સીઓ સ્થિર શાકભાજીની ખરીદી શરૂ કરશે તેના કરતાં આ ઘણું ઓછું છે. અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ એપ્રિલ-જૂન (૨૦૨૩-૨૪) દરમિયાન ડુંગળીની નિકાસ ૨૬ ટકાથી વધુ વધીને ૦.૬૩ એમટી થઈ હતી. તે જ સમયે, ભારતે ૨૦૨૨-૨૩માં રેકોર્ડ ૨.૫ મેટ્રિક ટન ડુંગળીની નિકાસ કરી છે, જે પાછલા નાણાકીય વર્ષ કરતાં ૬૫ ટકા વધુ છે. નિકાસ કરતા દેશોમાં બાંગ્લાદેશ, મલેશિયા, શ્રીલંકા અને નેપાળનો મોટો હિસ્સો હતો. સરકારી ડેટા અનુસાર, ડુંગળીના મોડલ છૂટક ભાવ વર્ષની શરૂઆતથી પ્રતિ કિલો રૂ. ૨૦થી વધીને મંગળવારે રૂ. ૩૦ પ્રતિ કિલો થઈ ગયા છે.

### ઘણા લોકો અમેરિકા જઈને અંતે પોતાના દેશ પરત આવતા હોય છે

# પરિવારની હુંફ જોઈતી હોય તેવા લોકોએ યુએસ જવાનું ટાળવું જોઈએ

### સોશિયલ મીડિયા પર શેર થતી એક થ્રેડમાં એક સોફ્ટવેર એન્જિનિયરે અમેરિકા ન જવા માટેના કારણો આપ્યા છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતીય યુવાનોમાં અને મધ્યમ વયના લોકોમાં પણ ગમે તેમ કરીને અમેરિકા જવાનો ભારે ક્રેઝ જોવા મળે છે. હાઈ સ્કીલ ધરાવતા અને એજ્યુકેટેડ લોકો અમેરિકા જવા માંગે તે સમજી શકાય, પરંતુ કોઈ પણ જાતનું ટેકનિકલ નોલેજ ન હોય તેવા લોકોને પણ USA જવું હોય છે. અમેરિકાની IT ઈન્ડસ્ટ્રીમાં ભારતીય સોફ્ટવેર એન્જિનિયર્સ મોટી સંખ્યામાં જોવા મળે છે અને દર વર્ષે હજારો એન્જિનિયરો યુએસમાં જોબ કરવા જાય છે. જોકે, કેટલાક લોકો આનાથી વિપરીત માન્યતા પણ ધરાવે છે અને અમેરિકા જવાની તક હોવા છતાં ઘસીને ના પાડી દે છે. તાજેતરમાં બેંગલુરુમાં ગૂગલ માટે કામ કરતા એક સોફ્ટવેર એન્જિનિયરે શા માટે અમેરિકા ન જવું જોઈએ તેના સાત કારણો સોશિયલ મીડિયા પર આપ્યા છે. IIT હૈદરાબાદના ગોલ્ડ મેડલિસ્ટ એન્જિનિયર અંસુલ સાદરિયા કહે છે કે, "અહીં બધા મને પૂછે છે કે ભાઈ તમે અમેરિકા કેમ નથી ગયા? શું તને USA જવાની તક નથી મળી? Googleમાં મારી બેચના ઘણા યુવાનો અમેરિકા ગયા છે. હું પણ જઈ શક્યો હોત પણ નથી ગયો. યુએસ જવા માટે દેશપ્રેમનું કોઈ કારણ નથી. પરંતુ ૨૦૨૧માં મારા પિતાનું અવસાન થયું અને હું મારા પરિવાર સાથે રહેવા માગતો હતો. મને પૂછવામાં આવે છે કે ભવિષ્યમાં પરિવાર સાથે યુએસ જવાની તક મળે તો અમેરિકા જઈશ? હા, કદાચ અમેરિકન વર્ક કલ્ચરનો અનુભવ મેળવવા જાઉં, પરંતુ છેલ્લે તો ભારત જ આવીશ. ત્યાર બાદ સોશિયલ મીડિયા પર આ ચર્ચા આગળ વધે છે. ટ્વિટરમાં અંશુલે એક આખો થ્રેડ શેર કર્યો છે જેમાં તેણે લોકોના સવાલોના જવાબ આપ્યા છે. તેમાં તેણે ભારત અને અમેરિકા વચ્ચે સરખામણી કરી છે. અંશુલ સાદરિયા માને છે કે કેટલાક કારણો એવા છે જેના કારણે સ્કિલ્ડ લોકોએ પણ ભારતમાં રહેવું જોઈએ. ઉદાહરણ તરીકે ભારતમાં તમારી આવક સારી હોય તો જીવનધોરણ ઘણું સુધરી શકે છે.

### લખનઉના મેયર દર્દીને મળવા હોસ્પિટલ પહોંચ્યા હતા

# આઈસીયુમાં જતા રોકતા મેયરની બુલડોઝર કાર્યવાહી

### મેયર નારાજ થતાં કોર્પોરેશનનું બુલડોઝર હોસ્પિટલ પહોંચી ગયું અને ત્યાં બેનરો અને પોસ્ટરોને તોડી પાડવાનું શરૂ કર્યું

। લખનઉ, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉના મેયર સુષ્મા ખર્કવાલ બિજનૌર વિસ્તારની એક હોસ્પિટલમાં એક દર્દીને જોવા પહોંચ્યા હતા. આરોપ છે કે આઈસીયુમાં જતા પહેલા હોસ્પિટલના સ્ટાફે તેને પગરખાં કાઢવા કહ્યું અને તે ગુસ્સે થઈ ગઈ હતી. જે બાદ બુલડોઝર હોસ્પિટલની બહાર પહોંચી ગયું હતું. ત્યાર પછી હોસ્પિટલની બહાર લાગેલા પોસ્ટરો પાડવા લાગ્યા હતા. જો કે હોબાળો વધતાં પોલીસે આવીને મામલો શાંત કર્યો હતો.

મળેલી માહિતી અનુસાર મહાનગર પાલિકાની સૈન્ય ટુકડી સાથે જોડાયેલા વ્યક્તિ બિજનૌર પોલીસ સ્ટેશન સ્થિત ખાનગી હોસ્પિટલ ખાતે આઈસીવાયમાં સારવાર લઈ રહ્યા છે. આ દરમિયાન સોમવારે મોડી રાત્રે શહેરના મેયર સુષ્મા ખર્કવાલ પણ તેમને મળવા પહોંચ્યા હતા. હોસ્પિટલ પ્રશાસનના જણાવ્યા અનુસાર જ્યારે મેયર અને તેમના કાર્યકર્તાઓ આઈસીયુમાં દાખલ થવા લાગ્યા ત્યારે તેમને ના પાડી દેવામાં આવી, જેનાથી તેઓ ગુસ્સે થયા. મોડી સાંજે જ કોર્પોરેશનનું બુલડોઝર હોસ્પિટલ પહોંચી ગયું અને ત્યાં લગાવેલા બેનરો અને પોસ્ટરોને તોડી પાડવાનું શરૂ કર્યું હતું.

આ જોઈને હોસ્પિટલનો સ્ટાફ પણ બહાર આવી ગયો હતો. જે બાદ હોસ્પિટલ પ્રશાસન અને મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

આ અંગેની જાણ પોલીસને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ભારે મુશ્કેલીથી મામલો શાંત કરાવવામાં આવ્યો હતો. જો કે કોર્પોરેશનના કર્મચારીઓ અને હોસ્પિટલના કર્મચારીઓ એકબીજા પર આક્ષેપો કરતા રહ્યા હતા. હોસ્પિટલના ડાયરેક્ટરના જણાવ્યા અનુસાર હોસ્પિટલના સ્ટાફે મેયર અને તેમના કાર્યકરોને આઈસીયુવોર્ડમાં પ્રવેશતા અટકાવ્યા હતા. તેઓએ બૂટ પહેર્યા હતા. તે પગરખાં ઉતાર્યા વિના જ આઈસીયુ વોર્ડમાં પ્રવેશી રહ્યા હતા. જ્યારે આઈસીયુવોર્ડમાં બૂટ ખોલીને જ અંદર જવા દેવામાં આવે છે.

### ઉનાળામાં AC કે પંખાની પણ જરૂર નહીં

# એન્જિયરોની કમાલ ! ઈંટ અને સિમેન્ટ વગર બનાવ્યું ઘર!

### ડુંગરપુર શહેરમાં રહેતા સિવિલ એન્જિનિયર આશિષ પાંડા અને તેમની પત્ની મધુલિકાએ આ ખાસ ઘર બનાવ્યું છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

દરેક વ્યક્તિની ઈચ્છા તેના સપનાનું ઘર બનાવવાની હોય છે, જેમાં તે પોતાના પરિવાર સાથે ખુશીથી રહી શકે. દરમિયાન ડુંગરપુરના એક પરિવારે પર્યાવરણના સંતુલનને ધ્યાનમાં રાખીને અનોખું ઘર બનાવ્યું છે. આ ઘરમાં કોંક્રીટ અને સિમેન્ટ ઉપયોગ થયો નથી પરંતુ તે પર્યાવરણને અનુકૂળ આવે તે રીતે બનાવવામાં આવ્યું છે. આવું ઘર આદિવાસી વિસ્તારમાં પહેલા ભાગ્યે જ જોવા મળ્યું હશે, જ્યાં દરેક વસ્તુને રિસાયકલ કરીને ફરીથી ઉપયોગમાં લેવામાં આવી હોય.

ડુંગરપુર શહેરમાં રહેતા સિવિલ એન્જિનિયર આશિષ પાંડા અને તેમની પત્ની મધુલિકાએ આ ખાસ ઘર બનાવ્યું છે. મધુલિકા વ્યવસાયે સોફ્ટવેર ડેવલપર છે. આ સાથે તે સમાજ સેવાનું કામ પણ કરે છે. આ લોકોનાં ઘરના પાયાથી લઈને બહાર અને અંદર બધું જ ઈકો-ફ્રેન્ડલી છે. ઓરિસ્સાના રહેવાસી ૪૦ વર્ષીય આશિષે જણાવ્યું હતું કે તેણે સ્કૂલનો અભ્યાસ કર્યો ત્યાં સુધી તેનું જીવન મદ્રાસમાં વિત્યું. આ પછી તેણે BITS પિલાનીમાંથી સિવિલ એન્જિનિયરિંગ કર્યું. પછી દેશના વિવિધ ભાગોમાં કામ કર્યું. જ્યારે વિજયવાડાની ૪૧ વર્ષની મધુલિકાએ પણ BITS પિલાનીમાંથી એન્જિનિયરિંગ કર્યું છે. તે પછી તે તેના માસ્ટર્સનાં અભ્યાસ માટે અમેરિકા ગઈ હતી. તેણે એક વર્ષ અમેરિકામાં પણ કામ કર્યું હતુ. મધુલિકાએ કહ્યું કે આશિષ અને હું ભલે અલગ-અલગ જગ્યાએ રહેતા હોઈએ, પરંતુ અમારી કોલેજના સમયથી અમે નક્કી કર્યું હતું કે અમે રાજસ્થાન જ પાછા જઈશું. કોલેજના દિવસોથી જ હું સામાજિક મુદ્દાઓ તરફ અને આશિષ કુદરતી સંસાધનોના સંરક્ષણ તરફ ઝુકાવતો હતો. વર્ષ ૨૦૦૮માં આ દંપતી દેશ-વિદેશમાં અનેક જગ્યાએ રહીને રાજસ્થાન પરત ફર્યું હતું. આશિષના કહેવા પ્રમાણે, અમે બંનેએ કોઈ મોટા મેટ્રો સિટીમાં નહીં રહેવાનું નક્કી કર્યું હતું. હંમેશા પ્રકૃતિની નજીક રહેવા માંગતો હતો.

### ઈસરો પર શુભેચ્છાઓનો વરસાદ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી, સી આર પાટીલે અભિનંદન આપ્યા

। અમદાવાદ, તા.૨૩ ।

ભારતે આંતરીક્ષના ઈતિહાસ રચી દીધો છે. વિક્રમ લેન્ડરે આજે ચંદ્રયાન -૩ નું ચંદ્રની ધરતી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરી દીધું જેને લઈને ભારતની તાકાતના વિશ્વએ દર્શન કર્યા છે. સફળતા સૂર્યોદયથી આજે તમામ ભારતીઓની છાતી ગર્વથી ફૂલી છે. ત્યારે ચંદ્રયાન દ્વારા ઈસરોએ જે વિરલ ઈતિહાસ રચ્યો છે. ત્યારે ઈસરો પર ભાજપ કોંગ્રેસના આગેવાનો દ્વારા શુભેચ્છાનો મીઠો મેહ વર્ષી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી, ઋષિકેશ પટેલે ટ્વિટર પર શુભેચ્છા પાઠવી હતીમુખ્યમંત્રીએ લખ્યું હતું કે આજનો દિવસ ઈતિહાસના પાના પર કાયમ માટે અંકિત થઈ ગયો. ચંદ્રયાન-૩ મિશનની સફળતા સાથે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરનાર ભારત દુનિયાનો પ્રથમ દેશ બન્યો છે. કરોડો પ્રાર્થનાઓ આજે ફળી છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ @isro ના વૈજ્ઞાનિકોને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. તેમના જ્ઞાન, કૌશલ્ય અને મહેનત પર સમગ્ર દેશને ગર્વ છે. બીજી બાજુ ચંદ્રયાનનું સફળ લેન્ડિંગ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલે પોતાના નિવાસ્થાને નિહાળ્યું અને આ ભારત માટેની આ વિશેષ સિદ્ધિ માટે ભારતના વૈજ્ઞાનિકો અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં કોંગ્રેસ દ્વારા સલામી આપવામાં આવી હતી. ગુજરાત કોંગ્રેસે ઈસરોના વૈજ્ઞાનિકોને આપી શુભેચ્છા કહ્યું હતું કે આપણા ગુજરાતી વિક્રમ સારાભાઈનું સ્વપ્ર, ઈસરો તેનાં ધુરંધર વૈજ્ઞાનિકો આજ INDIAને ચંદ્ર પર લઈ ગયા!

છેલ્લા સાત દાયકામાં ચંદ્ર પર અત્યાર સુધીમાં ૧૧૧ મિશન મોકલવામાં આવ્યા છે. જેમાંથી ૬૬ સફળ રહ્યા હતા. ૪૧ નિષ્ફળ. ૮માં આંશિક સફળતા મળી. ઈસરોના ભૂતપૂર્વ વડા જી. માધવન નાયરે પણ કહ્યું છે કે, ચંદ્ર મિશનમાં સફળતાની ૫૦ ટકા શક્યતા છે. ૧૯૫૮ થી ૨૦૨૩ સુધી, ભારત, અમેરિકા, રશિયા, જાપાન, યુરોપિયન યુનિયન, ચીન અને ઈઝરાયેલે ચંદ્ર પર ઘણા મિશન મોકલ્યા. તેમાં ઈમ્પેક્ટર, ઓર્બિટર, લેન્ડર-રોવર અને ફ્લાયબાયનો સમાવેશ થાય છે. જો આપણે ૨૦૦૦થી ૨૦૦૯નીવાત કરીએતો ૯ વર્ષમાં ૭ ચંદ્ર મિશન મોકલવામાં આવ્યા હતા. યુરોપનું સ્માર્ટ-૧, જાપાનનું સેલેન, ચીનનું ચાંગાઈ-૧, ભારતનું ચંદ્રયાન-૧ અને અમેરિકાનું લુનર રિકોનિસન્સ ઓર્બિટર. ૧૯૯૦ થી, અમેરિકા, જાપાન, ભારત, યુરોપિયન યુનિયન, ચીન અને ઈઝરાયેલે કુલ ૨૧ ચંદ્ર મિશન મોકલ્યા છે.

## ભાવનગર સર ટી હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ હડતાળ પર ઉતરી ગયા

### ભાવનગરની સર ટી હોસ્પિટલમાં આઉટસોર્સિંગના નામે કર્મચારીનું શોષણ થઇ રહ્યું હોવાનુ સામે આવ્યુ છે

। ભાવનગર, તા.૨૩ ।

ભાવનગર સર ટી હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ હડતાળ પર ઉતરી ગયા છે. હોસ્પિટલના નાઈટ ડ્યુટીના ૩૦ ગાર્ડ હડતાળ પર ઉતર્યા છે. સુપરવાઈઝરની તપાસ માટે નિમણૂક કરાતા વિવાદ થયો છે. હડતાળને પગલે હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ દોડતા થયા છે. તો બીજી તરફ ભાવનગરની સર ટી હોસ્પિટલમાં આઉટસોર્સિંગના નામે કર્મચારીનું શોષણ થઈ રહ્યું હોવાનુ સામે આવ્યુ છે. આઉટસોર્સિંગના નામે કર્મચારીઓના શોષણમાં હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓની કોન્ટ્રાક્ટર સાથે મિલીભગતનો આરોપ લાગ્યો છે અને આ મિલીભગતની આડમાં એજન્સીઓ દ્વારા કર્મચારીઓનું શોષણ કરવામાં આવે છે

ગયા મહિને આઉટસોર્સિંગથી કામ કરતાં ૨૧૦ સિક્યોરિટી ગાર્ડને પગાર ચૂકવાયો છે. જ્યારે હકીકતમાં ૧૨૦ જ ગાર્ડ છે. ૯૦ ગાર્ડનો પગાર કોને ચુકવાયો ? આ મુદ્દો ચોક્કસથી તપાસ માગી લેનારો છે કારણ કે, સર ટી હોસ્પિટલમાં પેરા મેડિકલ સ્ટાફ, સિક્યોરિટી ગાર્ડ, નર્સ અને સફાઈ કામદારો સહિત આશરે ૭૦૦થી વધુ કર્મચારીઓ આઉટસોર્સિંગ એજન્સીથી કામ કરે છે અને આશ્ચર્યની વાત તો એ છે કે, આ માટે એક જ કંપનીને વર્ષોથી કોન્ટ્રાક્ટ અપાય છે.

## વલસાડમાં સેલવાસ અને વાપીમાં ડેન્ગ્યુનો કહેર

। વલસાડ, તા.૨૩ ।

મહાનગરો બાદ હવે જિલ્લામાં પણ રોગચાળાએ કહેર મચાવ્યો હતો. વલસાડના સેલવાસ અને વાપીમાં ડેન્ગ્યુ જીવલેણ બન્યો છે. ડેન્ગ્યુના કહેરના પગલે સેલવાસના યુવક અને વાપીના એક વિદ્યાર્થીનું ડેન્ગ્યુથી મોત થયું છે. મહાનગરો બાદ હવે જિલ્લામાં પણ રોગચાળાએ કહેર મચાવ્યો હતો. વલસાડના સેલવાસ અને વાપીમાં ડેન્ગ્યુ જીવલેણ બન્યો છે. ડેન્ગ્યુના કહેરના પગલે સેલવાસના યુવક અને વાપીના એક વિદ્યાર્થીનું ડેન્ગ્યુથી મોત થયું છે. છેલ્લા એક મહિનામાં સેલવાસમાં ડેન્ગ્યુના ૨૦ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. અને ડેન્ગ્યુના કહેરને રોકવા આરોગ્ય વિભાગે દવાના છંટકાવ સહિતની કામગીરી હાથ ધરી છે. બીજી તરફ જાન્યુનારીથી ચાલુ મહિના સુધી દાદરાનગર હવેલીમાં ૧૪૨ ડેન્ગ્યુના કેસ સામે આવ્યા છે. આ અગાઉ સુરતમાં રોગચાળાથી ચાલુ સિઝનમાં ગઈકાલે વધુ ૨ લોકોનાં મોત થયા હતા. આ સાથે કુલ ૩૦થી વધુ લોકોનાં મોત થતાં હાહાકાર મચી ગયો હતો. નઘરોળ આરોગ્ય તંત્ર રોગચાળો નાથવામાં સદંતર નિષ્ફળ રહ્યું હતુ. સુરતમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો જીવલેણ બની ગયો છે. સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા દિવસોથી શરદી-ખાંસી, તાવ, ઝાડા-ઊલટી સહિતના દર્દીઓ લાંબી કતારો લગાવી રહ્યા છે.




ચંદ્રયાન-૩નું ચંદ્ર પર સફળ ઉતરાણ થયું હતું. જેનું ખાનપુર બીજેપી ઓફિસ પર સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું.

## જંબુસરની કેમિકલ કંપનીમાં ગેસ લીકેજ થયો, ૧૫ લોકોને સારવાર હેઠળ ખસેડાયા

। ભરૂચ, તા.૨૩ ।

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં સરોદ નજીક આવેલી કેમિકલ કંપનીમાં ગેસ લીકેજની ઘટનાના પગલે દોડધામ મચી ગઈ છે. પ્લાન્ટમાંથી પીળા રંગના ધુમાડા વછૂટતાં કામદારો જીવ બચાવવા ભાગતા નજરે પડ્યા હતા. આ ગેસ બ્રોમીન હોવાનું પ્રાથમિક અનુમાન છે જોકે હજુસુધી કંપની તરફથી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. ઘટનામાં હજુસુધી કોઈ જાનહાનિના અહેવાલ સાંપડ્યા નથી. સ્થિતિ ઉપર નિયંત્રણ મેળવવા પ્રયાસ હાથ ધરાયા છે. ઘટના બાબતે ફાયર બ્રિગેડને પણ કોલ આવતામાં આવતા ઈમરજન્સી સર્વિસીસની ટુકડી ઘટનાસ્થળ તરફ રવાના કરવામાં આવી છે. ગેસ ગળતરની ઘટના PI Indsutries માં બની હોવાના પ્રાથમિક અહેવાલ સાંપડી રહ્યા છે. બ્રોમીન ગેસ સીધો શ્વસન તંત્ર ઉપર અસર પહોંચાડે છે. શ્વાસમાં તકલીફ સહિતની સમસ્યાઓ આ ગેસથી થાય છે. હવા કરતા ભારે હોવાના કારણે તેનું જોખમ પણ વધુ રહે છે. આજે PI ઈન્ડસ્ટ્રીઝમાં બનેલી ઘટનામાં ૧૫ થી વધુ લોકોને ગેસની અસરના લક્ષણનો સામનો કરવો પડ્યો હતો. કંપની સત્તાધીશ સહીત ઈમરજન્સી સર્વિસીસના સૂત્રોએ આ ૧૫થી વધુ લોકોને સ્થાનિક હોસ્પિટલ ખસેડાયા હતા.

## ચમચમાતી મોંઘીદાટ કારમાં દારુની મોટાપાયે હેરાફેરી ઝડપાઈ

। સાબરકાંઠા, તા.૨૩ ।

હિંમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તા પાસેથી એક મોંઘીદાટ ચમચમાતી કારમાં દારુ ભરીને હેરાફેરી કરતા પોલીસે ઝડપી લઈને કાર્યવાહી કરી છે. મોંઘી દાટ કારમાંથી ૬.૩૮ લાખનો દારુનો જથ્થો ઝડપાઈ આવ્યો છે.સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા દારુની હેરાફેરીને લઈ ધોંસ વધારી દીધી હોય એમ જિલ્લામાંથી પસાર થતા હાઈવે પર વોચ વધારી દીધી છે. આ દરમિયાન પોલીસથી બચવા માટે હવે દારુની હેરાફેરી કરનારાઓએ મોંઘીદાટ લકઝરિયસ કારનો ઉપયોગ શરુ દારુ ઘુસાડવા માટે શરુ કર્યો છે. આવી જ એક કાર હિંમતનગર નજીકથી એલસીબીની ટીમે ઝડપી પાડી છે. હિંમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તા પાસેથી એક મોંઘીદાટ ચમચમાતી કારમાં દારુ ભરીને હેરાફેરી કરતા પોલીસે ઝડપી લઈને કાર્યવાહી કરી છે. મોંઘી દાટ કારમાંતી ૬.૩૮ લાખનો દારુનો જથ્થો ઝડપાઈ આવ્યો છે. એલીસીબીએ કારને જપ્ત કરીને કાર્યવાહી કરી છે. મોંઘીદાટ કારમાં દારુની હેરાફેરી કરનારા બે શખ્શોને પણ પોલીસે ઝડપી લીધા છે.

### મોબાઈલ ફોનની તફડંચી કરવાના બનાવ સતત સામે આવી રહ્યા છે

# અમદાવાદથી મોડાસા જઈ હોટલમાં રોકાઈને મોબાઈલ તફડાવતા બંટી-બબલીની ધરપકડ

### મોડાસા પોલીસની ટીમે સ્થળ પપર પહોંચીને એક યુવક અને યુવતીને ઝડપી લઈને તેમની તલાશી લેતા જ તેમની પાસેથી ચોરીનો મોબાઈલ સહિતનો સામાન હાથ લાગ્યો હતા

। અમદાવાદ, તા.૨૩ ।

મોડાસા શહેરમાં છેલ્લા એક સપ્તાહથી એક સપ્તાહ દરમિયાન રાહદારી અને અન્ય લોકોનો મોબાઈલ ફોનની તફડંચી કરવાના બનાવ સતત સામે આવી રહ્યા હતા. જેને લઈ પોલીસ દ્વારા આ માટે નેત્રમ આધારે તપાસ કરીને શંકાસ્પદ કપલની શોધ શરુ કરી હતી. આ દરમિયાન આ કપલ મોડાસા શહેરમાં એક મુખ્ય ચાર રસ્તા પાસે વધુ એક મોબાઈલનો શિકાર કરવાની ફિરાકમાં હોવા દરમિયાન જ પોલીસે તેમને ઝડપી લીધા હતા.

નેત્રમ-સીસીટીવી આધારે પોલીસે સતત નજર દાખવવા સાથે વિવિધ ચાર રસ્તા અને જાહેર સ્થળો પર ગોઠવેલા પોલીસ પોઈન્ટ અને બાતમીદારોથી જાણકારી મળેલી કે નંબર પ્લેટ વિનાનુ એક મોપેડ અને કપલ શંકાસ્પદ વર્તણૂંક કરી રહ્યુ છે. પોલીસને તુરત જ છેલ્લા એક સપ્તાહ દરમિયાન મોબાઈલની થયેલી તફડંચી અને વર્ણન મુજબની વિગતો મળતા જ સ્થળ પર પહોંચીને તેમને ઝડપી લેવામાં



આવ્યા હતા. મોડાસા ડીવાયએસપી કેજે ચૌધરીએ મીડિયાને વિગતો આપતા કહ્યુ હતુ કે, પોલીસની ટીમે સ્થળ પર પહોંચીને એક યુવક અને યુવતીને ઝડપી લઈને તેમની તલાશી લેતા જ તેમની પાસેથી ચોરીનો મોબાઈલ સહિતનો સામાન હાથ લાગ્યો હતો.

મોડાસા શહેર પોલીસ સ્ટેશનની પીઆઈ સહિતની ટીમે તેમની પૂછપરછ કરતા પોલીસને પણ તેમની પાસેથી ચોંકાવનારી વિગતો મળી હતી. અમદાવાદ થી પતિ અને પત્નિ બંને જણા મોડાસા ચોરી કરવા માટે આવ્યા હતા. તેઓ મોડાસા શહેરમાં જ એક હોટલના રુમમાં રોકાણ કરીને ત્રણ દિવસથી રોકાતા હતા અને તેઓ મોબાઈલ તફડાવવા માટે મોડાસા શહેરમાં રેકી કરીને બાદમાં વિવિધ વિસ્તારમાંથી મોબાઈલ ચાલુ મોપેડ પર તફડાવીને ફરાર થઈ જતા હતા. પોલીસે દંપતીની ધરપકડ કરીને તેઓને જેલના હવાલે કર્યા છે. દંપતી પાસેથી ૬ નંગ જેટલા ચોરીના મોબાઈલ મળી આવ્યા છે. તેઓએ ત્રણ જ દીવસમાં મોબાઈલ ચોરી કરવાની ૬ ઘટનાઓનો અંજામ આપ્યો છે. મોડાસા શહેરમાં જુદા જુદા વિસ્તારમાં આ બંટી બબલીની જોડી ફરીને લોકોની પાસેથી મોબાઈલ તફડાવીને ફરાર થઈ જતી હતી અને ચૂપચાપ હોટલમાં રુમમા પહોંચીને પુરાઈ રહેતા હતા.

આરોપી અયાન અનીશમીયા પઠાણ સામે અમદાવાદના વટવામાં પણ અગાઉ મારામારીનો ગુનો નોંધાયો છે. પોલીસે તેની પત્નિ ચાંદની અમીરુદ્દીન શેખની ધરપકડ કરી છે. બંને અમદાવાદના વટવામાં રહે છે. અયાન પઠાણ અગાઉ મોડાસામાં રહેતો હતો અને શાકભાજી વેચવાનો ધંધો કરતો હતો. તેના કેટલાક પરિચીત અને સગા પણ મોડાસામાં રહેતા હોવાનુ સામે આવ્યુ છે.

### રાજ્યમાં રોજેરોજ દારુબંધીના લીરેલીરા

## પોલીસ સ્ટેશનમાંથી જ ૨૩ પેટી દારુની ચોરી થતા ખળભળાટ

। દાહોદ, તા.૨૩ ।

ગુજરાતમાં દારુબંધી કેટલી કારગર છે એતો આપણે બધા જાણીએ જ છીએ. રાજ્યમાં રોજેરોજ દારુબંધીના લીરેલીરા ઉડી રહ્યા છે. દારુ પાર્ટીથી લઈને દારુ પીને અકસ્માત કરનારાઓના કિસ્સા પણ સામે આવી રહ્યા છે. જો કે, આજે જે કિસ્સો સામે આવ્યો છે તેને લઈને પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે. કારણે પોલીસ સ્ટેશનમાંથી જ દારૂની ચોરી થતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. આ ઘટના પીપલોદ પોલીસ સ્ટેશન ખાતેથી સામે આવી છે. ૨૦-૦૮-૨૦૨૩ એ સ્ટેટ વિજિલન્સની ટીમે ૪૪ લાખ ઉપરાંતનો દારૂ પકડ્યો હતો. એસપીને દારૂની પેટી ગાયબ થયાની બાતમી મળતા તપાસ કરી હતી. જેમાં દારૂની પેટીઓની ગણતરી કરતા ૨૩ પેટી દારૂ ગાયબ જોવા મળ્યો હતો. દારૂની પેટી ચોરીના બનાવમાં સંડોવાયેલા ૧૫ જેટલા આરોપી સામે નામ જોગ ગુનો નોંધવામા આવ્યો છે. દારૂ ચોરીના પ્રકરણમાં પીપલોદ પોલીસ સ્ટેશનના ૧ પોલીસ કોન્સ્ટેબલ, 7-GRD, 2-TRB, 4-...બ્લીકના માણસો સહીત ૧૫ વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

### રિયાલીટી ચેક કરવામાં આવતા ચોંકાવનારી હકિકતો સામે આવી

## રાજ્યમાં વિકાસની મોટી મોટી વાતો વચ્ચે આંગળવાડીઓની દયનીય સ્થિતિ

। અમરેલી, તા.૨૩ ।

અમરેલી જિલ્લામાં આગણવાડી કેન્દ્રો ઉપર આપવામાં આવત ચણા, તુવેરદાળ, તેલ સહિતની ખાદ્ય સામગ્રી લાભાર્થીઓને સમયસર ન મળતી હોવાની ફરિયાદો ઉઠી છે. જેને લઈને રિયાલીટી ચેક કરવામાં આવતા ચોંકાવનારી હકિકતો સામે આવી છે.સૌ પ્રથમ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સાકરપરા ગામમાં આવેલી આંગણવાડી કેન્દ્રમાં તપાસ કરવામાં આવી હતી. અહીં આંગણવાડી કેન્દ્રના સંચાલક દ્વારા ગામની સગર્ભા માતાને દર મહિને તેલ, તુવેરદાળ, ચણા સહિતની ખાદ્ય સામગ્રી આપવામાં આવતી હોય છે. આ ગામની લાભાર્થી મહિલાઓના જણાવ્યા અનુસાર, પોણા બે વર્ષથી ખાદ્ય સામગ્રી સમયસર મળતી નથી. એકવાર તેવુરદાળ જાન્યુઆરી મહિનામાં મળી હતી. તેલ, ચણા ત્રણ મહિને એકવાર મળે છે એકવાર તેલ મળે તો બીજી વાર ચણા મળે છે. સાકરપરા આંગણવાડી કેન્દ્ર સંચાલક છે તે જિલ્લા આંગણવાડી વર્કરના પ્રમુખ છે. એમ એમ વાય સ્ટોક નિયમિત ન મળતા આંગણવાડી કેન્દ્ર ઉપર મોટી અસર પડે છે. એમ એમ વાયનો સ્ટોક બે મહિને ચાર મહિને આપવામાં આવે છે એ પણ એક સાથે સ્ટોક મળતો નથી. આંગણવાડી કેન્દ્ર ઉપર તેલ, તુવેર,ચણા ફાળવવામાં આવે છે તે એક સાથે આપવામાં આવતા નથી.

## જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત પ્રમુખના ભથ્થામાં વધારો

। ગાંધીનગર, તા.૨૩ ।

રાજ્યમાં જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત પ્રમુખના ભથ્થામાં વધારો કરવાનો નિણર્ય કરવામાં આવ્યો છે. પ્રવાસન ભથ્થામાં ધરખમ વધારો કરાયો છે. જિલ્લા પ્રમુખના પ્રવાસન ભથ્થામાં ૫૦ હજાર જેટલો જંગી વધારો કરાયો હોવાથી રોષ પણ જોવા મળી રહ્યો છે. જેના ભગરૂપે જિલ્લા પંચાયત પ્રમુખનું પ્રવાસન ભથ્થુ જે અગાઉ રૂપિયા ૮૦ હજાર હતું. તેમાં વધારો કરીને આ ભથ્થું ૧.૩૦ લાખ રૂપિયા કરી દેવામાં આવ્યું છે. બીજી બાજુ તાલુકા પંચાયત પ્રમુખના પ્રવાસનના ભથ્થામા પણ વધારો કરાયો છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨